RNI REG. NO. GUJGUJ/2008/24444

# અનાવિલ જ્યોત

**શ્રી અનાવિલ પ્રગતિ મંડળ, વડોદરાનું મુખપત્ર**

**FEBRUARY To APRIL - 2025** Year : 17 Vol. : 5

















Since 1988

# DeSai Caterers

*The Real Royal Taste....*

**Rest assured, We will always backup just call us & Relax, We`ll do the best.**

## WE ARE SPECIALIZED IN

CORPORATE EVENTS - MARRIAGES
& RECEPTION BIRTHDAY PARTIES
SEMINARS

Mr.Upendra Desai (M) 98240 13293
Mr.Mitul Desai (M) 99789 13286
Mr.Kirit Desai (M) 98240 46469
Mr.Ronak Desai (M) 98250 46469

www.desaicaterers.com
info@desaicaterers.com

B-15,Shreeji Market Nr.Nageshwar Mahadev Temple Harni Road ,Vadodara - 22

# Shiv Sai Mandap Service

## WE ARE SPECIALIZED IN

CORPORATE EVENTS - MARRIAGES
& RECEPTION BIRTHDAY PARTIES
SEMINARS

Mr. Ronak Desai (M) 98250 46469
Mr. Upendra Desai (M) 98240 13293
Mr. Mitul Desai (M) 99789 13293
Mr. Kirit Desai (M) 98240 46469

www.desaicaterers.com
info@desaicaterers.com

## OUR PARTY PLOTS

1. **ANAVIL BHAVAN**
Opp. Meghdut Society,
Karelibuag, Vadodara

2. **VRAJ PARTY PLOT**
Near, Hyundai Showroom,
Chikodara Chokdi, Anand.

3. **GREEN LAWNS**
A Venture of Velchand Banker
Ashram, Opp. Lauhana Samaj
Wadi, Karelibaug, Vadodara

4. **VASVIK AUDITORIUM**
Nr. Trident Complex,
Alkapuri, Vadodara

5. **LOTUS FARM**
Sevasi-Padra Road,
Sevasi, Vadodara



B-15, Shreeji Market, Near Nageshwar Mahadev Temple, Harni Road, Vadodara - 22

**શ્રી અનાવિલ પ્રગતિ મંડળ, વડોદરા દ્વારા પ્રકાશિત**

# અનાવિલ જ્યોત

**કાર્યાલય**
**શ્રી મહાદેવ દેસાઈ અનાવિલ ભવન**
**આત્મારામ રોડ, કારેલીબાગ,**
**વડોદરા - ૩૯૦૦૧૮.**
**મો. ૯૪૦૮૩૫૫૯૪૫**
**મો. ૬૩૫૧૫૬૩૧૩૯**
**ફોન :૦૨૬૫ ૨૪૬૫૪૯૯**



## પ્રમુખશ્રી

**શ્રી દિપકભાઈ એમ. દેસાઈ**
**એ-૭, માતૃસ્મૃતિ ,**
**ઉત્કર્ષ વિદ્યાલય પાછળ,**
**ગદાપુરા,વડોદરા૩૯૦૦૧૫.**
**મો. ૯૩૭૬૨૧૨૨૭૫**

## મંત્રીશ્રી

**શ્રી ગિરિશ એમ. દેસાઈ**
**સી-૨ , તિલક પાર્ક સોસાયટી,**
**સંગમ, વડોદરા-૩૯૦૦૨૩.**
**મો. ૯૯૭૮૯૧૦૮૪૨**

## સંપાદકશ્રી

**શ્રી દિપક જી. દેસાઈ (ONGC)**
**મો. ૯૪૨૮૫૧૯૦૬૬**

## સહ સંપાદકશ્રી

**શ્રીમતિ સીમા પી. દેસાઈ**
**મો. ૯૯૨૫૦૩૯૯૭૪**
**શ્રી નિરવભાઈ આર. દેસાઈ**
**૯૧૭૩૦૮૩૫૪૦**

**Website : www.apmvadodara.org**

**Email : anavilpragatimandal@yahoo.com**


## આજીવન સભાસદ બાબત

**માનનીય અનાવિલ સભાસદ ભાઈઓ / બહેનો,**

**આ સાથે આજીવન સભાસદ બાબતે તમામને જણાવવાનું કે , અનાવિલ પ્રગતિ મંડળ વડોદરામાં આજીવન સભાસદ મેળવવાનું સભ્યપદ જે તે સભ્યની હયાતી સુધી જ માન્ય રહે છે અને તેવા પરિવારજનોને મંડળ તરફથી પોતાના પરિવારના શુભ / અશુભ પ્રસંગોએ ભવનભાડામાં રાહત આપવામાં આવે છે અને ફરાસખાનાનો ચાર્જ પણ ૫૦% ના દરે વસુલવામાં આવે છે. તેમજ પરિવારજનોના વિદ્યાર્થીઓને લાઈબ્રેરી સહિતની ફેસીલીટી તથા અન્ય સવલતો આપવામાં આવે છે. સભાસદના અવસાનબાદ આ લાભો મેળવવા માટે પરિવારના અન્ય વ્યકિતએ ફરજિયાત સભ્યપદ મેળવવું જરૂરી છે. આ વાત ધ્યાનમાં રાખી જે પરિવારને ત્યાં એક જ સભાસદ હોય અને તેઓનું અવસાન થયું હોય તેવા પરિવારોને વિનંતી કે સત્વરે પરિવારના કોઈ પણ સદસ્યએ અનાવિલ ભવનમાંથી આજીવન સભાસદનું ફોર્મ મેળવીને જરૂરી દસ્તાવેજો સાથે જમા કરીને આગામી ત્રણ મહિનામાં સભ્યપદ મેળવી લેવું જરૂરી છે. જેથી સમાજ દ્વારા આપવામાં આવતી તમામ સવલતો મેળવી શકાશે.**

**નોંધ : જે પરિવારમાંથી તેમના એક સભ્યપદ ધરાવનાર વ્યકિતનું અવસાન થયેલ હોય તેવા પરિવારોએ આ વાતની ખાસ નોંધ લઈ સભ્યપદ મેળવી લેવું.**

**મંત્રીશ્રી**
**ગિરિશભાઈ દેસાઈ**

---

**માનનીય સભાસદો અને વિદ્યાર્થીઓ,**
**શ્રી અનાવિલ પ્રગતિ મંડળ,વડોદરા.**

**લાયબ્રેરી કમિટી દ્વારા વિદ્યાર્થીઓ માટે પુસ્તક સહાય યોજના ફોર્મ આ સાથે પાના નંબર ૧૦ પર આપેલ છે. આ વર્ષ ફકત ધોરણ ૮ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે પુસ્તક સહાય આપવામાં આવશે. બીજા વિદ્યાર્થીઓ માટે આવતા વર્ષ થી અમલ કરાશે, જેથી બધા વિદ્યાર્થીઓ / વાલીઓ ને વિનંતી કે ફોર્મ જરૂરથી ભરવા.**

**વિદ્યાર્થી તથા એમના વાલીઓ અને ઘરના વડીલોને વિનંતી કે ફોર્મ ભરીને ફોટો પાડીને અનાવિલ ભવનના whatsappનો +૯૧ ૬૩૫૧૫૬૩૧૩૯ પર મોકલી આપવા.**

**ફોર્મ તા. ૨૫/૦૫/૨૦૨૫ સુધી ભરી મોકલી આપવા જેથી જરૂરી બજેટ ફાળવી શકાય.**

**નોંધ : આ ફોર્મ માત્ર લાયબ્રેરી ના વિદ્યાર્થીના રેકોર્ડ માટે લેવામાં આવી રહ્યા છે જેથી પુસ્તક સહાય માટે ઉપયોગી થાય. આ માહિતી અને ફોર્મ વેબસાઈટ પર લાયબ્રેરી ફોલ્ડરમાં પણ ઉપલ્બધ છે.**

**લી.**
**લાયબ્રેરી કમિટી**

---

**માનનીય સભાસદો,**

**આ સાથે જણાવવાનું કે અનાવિલ પ્રગતિ મંડળની વેબસાઈટ કાર્યરત થઈગયેલ છે અને સાથે અપડેશન નું કામ ચાલુ છે. તો સભાસદો એ અને વિદ્યાર્થીઓએ માહિતી અને વિગતો જાણવા માટે ઉપયોગમાં લઈ શકે છે.ભવનની વેબસાઈટ નીચે મુજબ છે.**

**Website : www.apmvadodara.org**

## પ્રમુખશ્રીનું નિવેદન

સંગઠિત સમાજએ સામાજીક પ્રગતિની નિશાની છે. સમાજમાં અન્યનો વિચાર કરી, એકબીજાને મદદરૂપ થવાની ભાવના કેળવવી એ ઉમદા સમાજનું લક્ષણ.

બાળકોથી માંડી મહિલાઓ અને સિનિયર સીટીઝન સુધી સર્વની ઉન્નતિ થાય, એ માટે આપણે સતત પ્રયત્નશીલ છીએ, અને તેમાં સર્વના સાથ - સહકારની આવશ્યકતા અને અપેક્ષા છે.

સમાજના વિદ્યાર્થીઓને માર્ગદર્શન માટે UPSC/GPSC Examination / Preparation our guidance to become IAS/IPS/IFS officer નું આયોજન કરેલ હતું. ૧૫ થી ૧૭ વિદ્યાર્થીઓએ એનો લાભ લીધો અને એમના feedback પણ મળ્યા સમાજના વિદ્યાર્થીઓને , નોકરીયાત તથા ફ્રેશ ગ્રેજ્યુએટસ નાના મોટા ધંધાનો વિચાર કરતા સભ્યો માટે ટ્રસ્ટીઓ સ્ટાર્ટઅપ ગાઈડલાઈન્સના પ્રોગ્રામનો વિચાર કરી રહ્યા છે. આ માટે ડેટાનો અભાવ લાગે છે.

કુંટુંબના એક જ વ્યકિત આજીવન સભ્ય થયેલ જેઓ કદાચ સિનિયર સીટીઝન હોય, એમના છોકરાને સમાજના કાર્યની જાણ થતી નથી આથી હું નમ્ર વિનંતી કરું છું કે નવું જનરેશન આજીવન સભ્ય બને આમ થવાથી સમાજને આપ સર્વેને મદદરૂપ થવાની તક મળે.

નવી તકો માટે માર્ગદર્શન આપવા સેમિનાર કરવાની સમજ પડે.

આ ઉપરાંત તમારા (New Generation) બાળકોના અભ્યાસ માટે પણ કંઈક નવું કરવાની સમાજને સમજ પડે. હાલમાં ૮ થી ૧૨ ધોરણના છોકરાઓ માટે સ્કુલ બુક (Text Book) ખરીદી પર કન્સેસન આપવાનો નિર્ણય કમિટિએ કર્યો છે. જેની વિગત આજીવન તેમજ અનાવિલ જયોતમાં સામેલ છે. આપેલ માહિતી મુજબ ફોર્મ ભરશો તો ડેટા તૈયાર કરી આગળ કાર્યવાહી કરવામાં આવશે.

હું આપ સર્વે નવા જનરેશનને વિનંતી કરું છું કે, આપ આજીવન સભ્ય બનો . આજીવન સભ્યના ફકત રૂા.૧૦૦૦/(રૂપિયા એક હજાર પુરા) જેવી નોમીનલ રકમથી આપ આપની જીંદગી માટે સભ્યપદ મેળવી શકો છો. તો જરૂરથી અને જલ્દીથી સભ્ય બની સમાજના તમામ કાર્યક્રમની મઝા માણો.

"સૌનો સાથ સૌનો વિકાસ"

**દિપક એમ. દેસાઈ**
**પ્રમુખ**

## મંડળના મોબાઈલ ગ્રુપ બાબત

**માનનીય સભાસદો,**

***સવિનય જણાવવાનું કે જે પરિવારના એકથી વધારે સભ્યો અનાવિલ પ્રગતિ મંડળ, વડોદરાના સભાસદ બન્યા હોય અને તેઓના મોબાઈલ નંબર રજીસ્ટર ન થયા હોય તેઓ પોતાના મોબાઈલ નંબર , આજીવન સભાસદ નંબર અને સભાસદના નામ સાથે સંસ્થાના મેનેજરનો મોબાઈલ નંબર ૬૩૫૧૫૬૩૧૩૯ પર વિગતવાર મેસેજ મોકલીને પોતાનો મોબાઈલ નંબર અચૂક રજીસ્ટર કરાવી લેવો જેથી મંડળની પ્રવૃત્તિની માહિતી તેઓને સત્વરે મળી જાય .***

**સહકારની અપેક્ષા .**

**મંત્રીશ્રી**
**ગિરિશભાઈ દેસાઈ**

માનનીય સભાસદો,

આ સાથે જણાવવાનું કે દર વર્ષ મુજબ આ વર્ષે પણ જયાપાવર્તી વર્ત (ગૌરી વર્ત) ની પ્રારંભિક પૂજા તા. ૦૮-૦૭-૨૦૨૫ , મંગળવારના રોજ અને પૂર્ણાવતિની પૂજા તા. ૧૨-૦૭-૨૦૨૫ શનિવારના રોજ મહિલાપાંખ દ્વારા અનાવિલ ભવન ખાતે આયોજન કરવામાં આવશે. જેની વિગતવાર માહિતી ભવનના વોટ્સઅપ નંબર અને વેબસાઈટ પર આપવામાં આવશે. જેની નોંધ લેવી .

**મહિલાપાંખ**

## ફરાસખાનાના કોન્ટ્રાકટ બાબત

શ્રી અનાવિલ પ્રગતિ મંડળ, વડોદરા દ્વારા ટેન્ડરની પ્રક્રિયા હાથ ધર્યા બાદ રોનક દેસાઈ ઈવેન્ટ એન્ડ સર્વીસીસ ને ૦૧ એપ્રિલ , ૨૦૨૫ થી ૩૧ માર્ચ , ૨૦૨૬ સુધી નો ફરાસખાનાનો કોન્ટ્રાકટ રૂા.૧૪.૨૮ લાખના ભાવ થી ફાળવવામાં આવેલ છે અભિનંદન.

**નોંધ :- અનાવિલ સભાસદ પરિવારજનોના પ્રસંગે ફરાસખાનાના દરમાં ૫૦% રાહત આપવામાં આવે છે.**

**ફરાસખાના કમિટિ**




Respected Members,

We were pleased to inform you all about another initiative taken by our Sports Committee.

We had organized the **45+ Tennis ball Cricket Tournament** for the first time in history and we had received a good number of entries **(42+entries)** for this tournament, which was held at **Ayappa Ground, Sama on 16th Feb'25.**

We had 3 teams and The top 2 teams qualified directly for the finals.

**Winner Team - Anavil Adventurers (Deepakbhai Desai - CA) & Team**

**Runners-Up Team - Anavil Lions (Jyotindrabhai Desai & Team)**

The best part of the tournament was seeing 45 to 80+ year young Anavils participating and giving their best performances. We were thankful to each of the *45 to 80+ Young Anavil Participants for showing their Strength, Sportsmanship, and unity, which led to the successful completion of the tournament.

Regards,

**Sports Committee :-** **Ankur Desai (Wagodia Road), Himanshu Desai, Abhijeet Desai, Jay Desai, Anish Desai, Satyam Desai**

**Trustee Coordinator :-** **Ashish Desai, Kruti Desai**

| **Team A - Deepak Desai (CA)<br>Anavil Adventurers** | |
|---|---|
| Deepak Desai (CA) | 9428165653 |
| Paresh Desai | 9427447364 |
| Himanshu Vashi | 9879559779 |
| Viditbhai Desai | 9825071991 |
| Yogeshchandra Mehta | 9978935824 |
| Mukesh D Desai | 9879468078 |
| Vidhyut Desai | 8780611820 |
| Ketan G Desai | 7016611663 |
| Chetan D Desai | 9998983582 |
| Deepak Desai (Treasurer) | 9712010170 |
| Arun Desai | 9909368506 |
| Amrat Desai | 9898479787 |
| Ujjawal Desai | 9033901673 |

| **Team B - Girish Desai<br>Anavil Challengers** | |
|---|---|
| Girish Desai | 9978910842 |
| Hemal Desai | 7990314375 |
| Ankur Desai | 9106836169 |
| Pradip Desai | 9879591061 |
| Dhanesh Desai | 9998979806 |
| Haresh R Desai | 8735005999 |
| Keyur R Desai | 9825269328 |
| Bharat Naik | 9879557424 |
| Bhadresh Desai | 9309125416 |
| Bharat Desai | 8320542871 |
| Satish Naik | 9377173344 |
| Deepak Desai (President) | 9376212275 |
| Jatin Desai | 7990028177 |
| Dhaval Desai | 9824255583 |

| **Team C - Jyotindra Desai<br>Anavil Lions** | |
|---|---|
| Jyotindra Desai | 9998009584 |
| Ashish Desai | 9376984038 |
| Anish Desai | 9998009587 |
| Vatsal Mehta | 8153091876 |
| Rajendra D Desai | 9879468087 |
| Jayesh Desai | 9638936569 |
| Alpesh G Desai | 7226974788 |
| Kamalnayan Desai | 9662484859 |
| Jayesh Desai | 9228589976 |
| Bankim Desai | 6352591455 |
| Vikrant Desai | 8140806364 |
| Pankaj Desai | 9824096868 |
| Hetal Naik | 9328195251 |
| Tejas Desai | 9898610074 |

**45+ TOURNAMENT SCHEDULE**

| | | |
|---|---|---|
| 1st Match | 8:00 a.m. | Team B Vs Team C |
| 2nd Match | 10:00 a.m. | Team A Vs Team B |
| **Final Match** | **2:30 p.m.** | **Top 2 Teams of League Matches** |

**Match 1 - Anavil Challengers Vs Anavil Lions**
**Winner - Anavil Lions**
**Man of the Match - Jyotindra Desai**

**Match 2 - Anavil Challengers Vs Anavil Adventurers**
**Winner - Anavil Adventurers**
**Man of the Match - Vidit Desai**

**Final Match - Anavil Adventurers Vs Anavil Lions**
**Winner - Anavil Adventurers**
**Man of the Match - Mitul Desai**

**Best Bowler of The Tournament - Ujjawal Desai**
**Best Batsman of The Tournament - Mitul Desai**
**Best Fider of the Tournament - Mitul Desai**
**Player of the Tournament -Vikrant Desai**

## મહિલા દિન

મહિલા દિન તા. ૮-૩-૨૦૨૫ની ઉજવણી મહિલા પાંખ કન્વીનર લતીકાબેન તેમજ સહકન્વીનર ભકિતબેનના માર્ગદર્શન હેઠળ મહિલા પાંખની બહેનો દ્વારા ખૂબ સુંદર અને સફળ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું.

જેમાં સૌ પ્રથમ યોગ શિક્ષક રચનાબને શાહ દ્વારા ખુબ સરળ ભાષામાં ઉપયોગી થાય તેવા આસન યોગનું શિક્ષણ આપવામાં આવ્યું. અને તેમના આસિસ્ટન્ટ તરીકે ચસ્મિતાબેન નાયકએ સરસ આસન કરી બતાવ્યા.

ત્યારબાદ સ્વવ્યવસાય કરતી આપણી અનાવિલ બહેનો એ પોતાનો પરિચય અને પોતાના વ્યવસાય અંગે જાણકારી આપી એ ખૂબ આનંદની વાત છે કે ૧૫ બહેનોએ ખૂબ ઉત્સાહ થી ભાગ લીધો હતો.

આખા કાર્યક્રમની ઉદ્ઘોષણા બીનીતાબેન વશી દ્વારા કરવામાં આવી હતી.

આ પછી ખૂબ આનંદમાં હર્ષઉલ્લાસમાં બધી બહેનો દ્વારા હાઉસીની ગેમ, સમુહ રમતગમત અને અનોખી પ્રશ્નાવલીની સ્પર્ધામાં ભાગ લેવામાં આવ્યો હતો.બધી મહિલા પાંખની બહેનો ભેગા થઈખૂબ સુંદર રીતે રમત રમાડી બધી અનાવિલ બહેનોને ખુશ કરી દીધા. આભાર વિધી જીગીશાબેન દેસાઈ દ્વારા કરવામાં આવી હતી. પ્રીતી ભોજન લઈને બધી બહેનો છુટી પડી હતી.

તા.ક. : મહિલા પાંખને નીચે જણાવેલ તરફથી ભેટ આપવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | અમ્રતભાઈ દેસાઈ (ટ્રસ્ટીશ્રી) | રૂા. ૫૦૦ |
| ૨ | દિપકભાઈ દેસાઈ (ONGC) | રૂા. ૫૦૦ |

**કન્વીનર મહિલા પાંખ**

## (લઘુવાર્તા)

## " અનોખો ઉત્સવ "

સુરમ્યા બેટા " જરા મારા ઓરડામાં આવો તો ચાપાણી થી પરવાર્યા હોય તો મારે જરા કામ છે. "
હા, મમ્મી જરા પરાશરને નવડાવીને આવું છું, બાથરૂમમાં છું.

પરાશરને ગયા અઠવાડિયે સ્કુટરનો એકસીડન્ટ થવાથી પગે ફ્રેક્ચર થયું હતું. એમ તો લાકડીના ટેકે પોતાની દિનચર્યા પતાવતો પણ નહાતી વખતે કયાંક પગ લપસી ન જાય તેથી સુરમ્યા મદદમાં સાથે રહેતી. પરવારીને સુરમ્યા સાસુમાના રૂમમાં ગઈ તો તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. આઠથી દસ સાડીઓ પલંગમાં ફેલાયેલી હતી ને હજી કંઈ કબાટ ખોલીને સુલોચના બહેન કારભાર કરી રહ્યા હતા. મોટા લાલચટક જરીની બોર્ડરવાળી સાડી બનાવીને સુરમ્યાને કહેવા લાગ્યા, " આ વર્ષ આ સાડીમાંથી નવરાત્રીનો ચણિયો સીવી લેજે. હવે આટલી ભારે સાડી તો હું પહેરતી નથી. વળી આ લાલ બાંધણીમાંથી સરસ ઓઢણી પણ થઈ જશે. બ્લાઉસ તો તારા ગયા વર્ષના હશે જ, જોઈલેજે, નહીં તો એનો પણ વેંત પણ થઈજશે.

પણ મમ્મી આ વર્ષે હું પરાશરને મૂકીને ગરબા રમવા જવાની જ નથી. અરે ! તને ગરબાનો આટલો શોખ છે ને ! તો ગરબા રમવા જવાનું જ છે. મહિના આગળથી તેની તૈયારી કરતી હોય છે તે હું કંઈ નથી જાણતી . હું પરાશરને સાચવી લઈશ. આમ સુલોચના બહેન કહેતા . સુરમ્યા બોલી," મમ્મી તમે પણ અમારી સાથે ગરબા જોવાને માણવા આવો જ છો ને ! તમે પહેલાં તો ગરબા પણ ગવડાવતા અમારી સાથે તમારી બહેનપણીઓ પણ આવે છે ને ,નીતનવાં નાસ્તા બનાવી તમે પણ અમને ખવડાવી આનંદ માણો છો. તમે તમારા મિત્રવૃંદ સાથે દર વખતની જેમ નાસ્તા-પાણી લઈ જરૂર જજો. તમને તો આજ ઉજાણીને આનંદ માણવાનો પ્રંસગ. આમ સાસુ-વહુની મીઠી રકઝક ચાલતી હતી ત્યાં અમુલખરાય આવ્યા, ને કહેવા લાગ્યા, તમે સાસુ-વહુ મને નકામો, સમજો છો. પરાશર સાથે હું ઘરે રહીશ. તે કંઈનાનો કીકો થોડો છે કે રાખવો પડે સૂઈજાય પછી કઈ જરૂર પડે તો હું બેઠો છું.

આ સુલોચના ને હું ગરબામાંથી એકબીજાનો પરિચય કેળવી વર્ષો પહેલાં લગ્નની ગાંઠે બંધાયા. તમારો પ્રેમ પણ નવરાત્રીના તહેવારમાં જ પાંગર્યો હતો ને તહેવારે જ જીવનસાથી ને મેળવી આપ્યા તો બંને ઉત્સવ આનંદથી મહાલો.

અત્યાર સુધી શાંતિથી વાત સાંભળતો પરાશર પણ લાકડાના ટેકે ઊભો હતો, તે કંઈ પાછો પડે તે પણ કહેવા લાગ્યો, મમ્મી તમારો હાથ-સંચો જરા મારા રૂમમાં મૂકાવી આપોને, બેઠો બેઠો હું સુરમ્યાને સરસ ચણિયો સીવી આપીશ તે શીખવેલું અત્યારે કામ નહીં લાગે તો કયારે લાગશે મમ્મી. હવે આશ્ચર્ય ને આનંદ નિશ્રિત ભાવ સાથે સાસુ-વહુ એકબીજાનું મોં વકાસીને થોડીવાર જોતાં જ રહ્યા ને અનોખો ઉત્સવની ઉજવણીમાં લાગી ગયા.

**સ્વાતિ દેસાઈ (મૈત્રી)**

# SEMINAR OF GPSC & UPSC AWARENESS, EXAM PREPARATION & GUIDANCE PROGRAM

Respected Anavils,

We are pleased to inform you all that, with the support of all the members, we have successfully completed one more event / seminar on **GPSC & UPSC Awareness, Exam Preparation & Guidance Program** held on **27th April' 25** at Anavil Bhavan.

Students of **10th / 12th / In process of Graduation / Graduated & Post Graduated were part of this seminar.** Here with sharing little bit brief about **GPSC & UPSC.**

**#GPSC** stands for **Gujarat Public Service Commission** conducted by the **State Government** & function of the GPSC Commission is **To conduct examinations for appointment to the services of the state.**

**#UPSC** stands for **Union Public Service Commission** conducted by the **Central Government** & function of the UPSC Commission is **To conduct examinations for appointment to the services of Central Government / Services.** This seminar was very helpful to the students on **How to get eligible for GPSC / UPSC** & **What are the key benefits of becoming IAS / IPS Officers** by clearing **GPSC & UPSC Exams.**

We had invited **Mr.Himmatsinh Parmar - Retired Director from SPIPA (Sardar Patel Institute of Public Administration), Mr. Subodh Naik - Retired Principal of Miyagam - Karjan College & Mr. Kanabara (Retired IPS Officer, Vadodara)** as a **Chief Guests** for this seminar.

**Brief about SPIPA & it's function :**

**#SPIPA is basically a Training institution established by the Government of Gujarat in 1962, which is now an autonomous body.** it's known for its **Civil Service Examination Study Centre** and offers various training programs for government officials. It became an autonomous body, registered under the **Societies Registration Act, 1860, in October 2004.**

**#SPIPA** operates a **Civil Service Examination Study Centre** since **September 1992, providing training for individuals aspiring to join Civil Services (IAS / IPS / IFS)**

**#SPIPA** has a **Regional Training Centre in Ahmedabad.**

Our chief guests had given so much of important information & guidance about **UPSC & GPSC Examination** & way forward. This entire program was sponsored by **Mr. Haren Desai - Sadhna Nagar Society, Karelibaug.** We had received very positive response & feedback about this seminar from the students, who had attended this seminar on 27th April' 2025.

Feedback / Responses of few of the student's are sharing here with.

**Regards,**
**Ashish Desai - Joint Secretary**
**Girish Desai - Secretary**
**Deepak Desai - President**

## Feedback



The seminar was very informative and very helpful. The speakers explained everything the way of exam process and preparation strategies. It also helped in removing the fear of the exam. Thank you for organizing such a useful & knowledgeable session.

**Regards,**
**Dhruv Himanshu Desai**



I attended the GPSC seminar today and found it incredibly valuable. The session on exam strategy was very well-explainded.
Thank you for organizing such a beneficial event..

**Regards,**
**Tanvi Himanshu Desai**



The UPSC / GPSC was highly informative and motivating. The speakers shared valuable insights on exam strategy, syllabus understanding, and preparation tips. It was well-organized and helped clear many doubts.

**Regards,**
**Dhwani Ashish Desai**

# Feedback


It was a very greatful experience to attend career guidance session by SPIPA as the people who gave guidanace were very experienced and has helped many students to clear out UPSC examination and GPSC examination and they also motivated us for not be scared of the examination and atleast apply for it. They had also provided scholarships for the students who really deserves and who are really needy.

**Regards,**
**Kavya Dhaval Desai**

This overall seminar was a blissful experience ! As someone who wasn't very well versed with the concept, the honorable guests had given their valuable experience and lessons, which were truly insightful for everyone present there. Their ability to converse, educate, and enlighten was splendid ! Truly a great experience, and would love to attend more seminars in the near future!

**Regards,**
**Neel H. Desai**

## અનાવિલ ગૌરવ



**દેગામ :** હાલ ડી-૨૨, સ્વામીનારાયણ નગર સોસાયટી, હરણી રોડ, વડોદરાના શ્રી અરૂણકુમાર દોલતરાય દેસાઈએ રાજસ્થાન ખાતે યોજાયેલ ઈન્ડીયા માસ્ટર્સ એથ્લેટિક્સ હરિફાઈમાં ૭૦ વર્ષથી વધુ વયની કેટેગરીની ૪૦૦ મીટર દોડની સ્પર્ધામાં ત્રીજા નંબરે વિજેતા બન્યા હતા. તેમજ એક કેર ફેડરેશન દ્વારા રમતગમત ક્ષેત્રે ઉજ્જવળ દેખાવ કરવા માટે સન્માન પત્ર અર્પણ કરવામાં આવેલ.- હાર્દિક અભિનંદન...

અમદાવાદમાં વિશ્વ રંગભૂમિ દિવસ અંતર્ગત રંગભૂમિના જાણીતા કલાકારોને વિશાલા ખાતે ખાસ ગૌરવ એવોર્ડ સમારોહ યોજાયો હતો. જેમાં મુખ્યમંત્રીના હસ્તે શ્રી સતીશ દેસાઈ ને સન્માનિત કરાયા હતા. જે અનાવિલ સમાજ ગર્વની લાગણી અનુભવે છે.- હાર્દિક અભિનંદન...



Tushar Mehta Graduate in data Scientist / Engineering Officially From Concentrix. (Age is not a limit for any learning ) **હાર્દિક અભિનંદન...**

## સરનામાં ફેરફારની નોંધ

આ.સ. ૯૭૫ **શ્રીમતિ મનીષા ધર્મેશભાઈ દેસાઈ**

**જૂનુ સરનામું :** સી-૧૦૧, સનમતિ પાર્ક, બંસલ મોલની સામે, સર્વ મંગલ સ્કુલની પાસે,વેમાલી, સમાસાવલી રોડ, વડોદરા-૩૯૦૦૦૮.

**નવું સરનામું :** ૧૧, દર્શનમ્ વનંતા, આમ્રપાલી રેસીકોમની પાસે, સનફાર્મા ભાયલી કેનાલ રોડ, વડોદરા - ૩૯૧૪૧૦.

## અવસાન નોંધ

**નીચેના જ્ઞાતિજનોના અવસાનની નોંધ લેતાં ખેદ થાય છે.શ્રી શુકલેશ્વરદાદા સર્વેના આત્માને ચીર શાંતિ અર્પે.**

૧. **વલસાડ અબ્રામા,** હાલ ૨૩, નરસિંહ ભુવન, સયાજીગંજ, પરશુરામ ભાઠ્ઠા પાસે, વડોદરાના શ્રી ભૂપેન્દ્રભાઈ જીવણજી દેસાઈના **ધર્મપત્ની ભારતીબેન નું ઉં.વ. ૮૩** તા.૧૧-૦૨-૨૦૨૫.

૨. **ખરસાડ,** હાલ ઈ/૫૨, મંગલદર્શન સોસાયટી, ચાણકયપુરી ચાર રસ્તા પાસે, ન્યુ સમા રોડ, વડોદરાના શ્રી નિતિનભાઈ બી. દેસાઈના **સ્વજન(ભાભીશ્રી) શ્રીમતિ જયશ્રીબેન રમેશચંદ્ર દેસાઈનું ઉં.વ. ૬૨ ,** તા.૧૨-૦૨-૨૦૨૫.

૩. **એરૂ,** હાલ "માતૃપ્રસાદ", ૧૧૩, માત્રિમંદિર સોસાયટી, મકરંદ દેસાઈ રોડ, વડોદરાના શ્રી શૈલેષભાઈ નટુભાઈ દેસાઈના **ધર્મપત્ની શ્રીમતિ ભાવનાબેન શૈલેષભાઈ દેસાઈનું (મેડીવાલા) ઉં.વ. ૬૮** તા.૧૭-૦૨-૨૦૨૫.

૪. **અમલસાડ,** હાલ "ભક્તિ" એ-૧૬, રાધાકૃષ્ણ પાર્ક, અકોટા સ્ટેડિયમ અકોટા, વડોદરા. શ્રીમતિ જયનાબેનના **પતિશ્રી મહેન્દ્રભાઈ(ગિરીશભાઈ) ઠાકોરભાઈદેસાઈનું ઉં.વ. ૭૫,** તા.૦૭-૦૩-૨૦૨૫.

૫. **ખરસાડ,** હાલ ૪૬, આત્મજયોતિનગર, ઈલોરાપાર્ક, વડોદરાના સ્વ. ડૉ. શ્રી બિપિનભાઈ ગુલાબભાઈ દેસાઈના **ધર્મપત્ની શ્રીમતિ કાશ્મીરાબેન દેસાઈ (ભૂતપૂર્વ ટ્રસ્ટીશ્રી)નું ઉં.વ.૮૨,** તા.૧૦-૦૩-૨૦૨૫.

૬. **કોસમાળા,** હાલ સયાજીપુરા ગામ, વડોદરાના ગં.સ્વ. આરતીબેન હેમંતભાઈ દેસાઈના **સાસુ શ્રીમતિ નલિનીબેન જી. દેસાઈનું ઉં.વ. ૮૫** તા.૧૬-૦૩-૨૦૨૫.

૭. હાલર, વલસાડ, હાલ ૨૧ કૃપલ સોસાયટી-૧, દીપ ચેમ્બર્સની પાછળ, માંજલપુર, વડોદરાના શ્રી વિનયભાઈ સુધીરભાઈદેસાઈના **ધર્મપત્ની સ્વાતીબેન વિનયભાઈદેસાઈ નું ઉં. વ. ૫૨,** તા.૨૧-૦૪-૨૦૨૫.

૮. **બિલીમોરા,** હાલ સી- ૪૦૧, જલસા એપાર્ટમેન્ટ, ગોત્રી સેવાસી કેનલ રોડ, વડોદરાના શ્રી આનંદકુમાર દેસાઈના **પિતા શ્રી શરદભાઈ દિનકરરાય દેસાઈનું ઉંવ. ૮૧** તા. ૨૨-૦૪-૨૦૨૫.

## આજીવન સભ્યોની યાદી

૧૭૯૪ શ્રી પરિમલ એસ. દેસાઈ — મો. ૯૮૨૪૦૫૬૮૬૭
A-૧, વિશ્રાંતિ બંગ્લોઝ, વાસણા રોડ, વડોદરા.

૧૭૯૫ બિન્ની અશોકકુમાર મહેતા — મો. ૯૭૨૭૪૩૧૩૯૪
E/૨૩, કમલા પાર્ક સોસાયટી,ક્રિષ્ણા પાર્ક સોસાયટીની બાજુમાં , આજવા રીંગ રોડ , વડોદરા-૩૯૦૦૧૯.

૧૭૯૬ શ્રી સુભાષ હકુમતરાય દેસાઈ — મો. ૮૯૮૦૪૪૧૧૧૮
બી-૪૪, વ્રજધામ સોસાયટી, કમલાનગર બસ સ્ટેન્ડ પાસે, સયાજી પાર્ક , આજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯.

૧૭૯૭ શ્રી વિરલ બળવંતરાય દેસાઈ — મો. ૯૮૨૫૮૨૨૪૫૭/૭૬૦૦૦૫૩૯૦૫
C-૨૦૧, ન્યુ અલકાપુરી રેસીડન્સી, ઝાયડેક્ષ ટાવર પાસે, ગોત્રી-ન્યુ અલકાપુરી, વડોદરા-૩૯૦૦૨૧.

૧૭૯૮ શ્રીમતિ રાગિણીબેન અંતિમબાબુ દેસાઈ — મો. ૯૩૭૭૭૦૧૯૫૫
૧૬૬, પ્રિન્સ વિલા, કોલાબેરા પાછળ, ગોત્રી સેવાસી રોડ, ગોત્રી ,વડોદરા-૩૯૦૦૨૧.

## દાતાઓની યાદી

| અનુક્રમ | નામ તથા સરનામા | રકમ રૂા. | દાનની વિગત |
|---|---|---|---|
| ૧. | શ્રી દિપેશભાઈ દેસાઈ | ૧૦૦૦ | વૈદકિય સહાય |
| ૨. | શ્રી રમેશચંદ્ર ટી. મહેતા | ૫૦૧ | મહિલા દિન શુભેચ્છા |
| ૩. | શ્રી અમૃતભાઈ દેસાઈ | ૫૦૦ | મહિલા દિન શુભેચ્છા |
| ૪. | શ્રી દિપકભાઈ દેસાઈ ONGC | ૫૦૦ | મહિલા દિન શુભેચ્છા |
| ૫. | શ્રી ભાવેશ મહેન્દ્રભાઈ દેસાઈ | ૫૦૦ | જનરલ ફંડ |

## શ્રી અનાવલિ પ્રગતિ મંડળ
### શ્રી મહાદેવ દેસાઈ અનાવિલ ભવન, કારેલીબાગ, વડોદરા.
### લાયબ્રેરી માટે વિદ્યાર્થી ડેટા ફોર્મ (પુસ્તક સહાય માટે)

student photo

૧. વિદ્યાર્થી નું નામ : ૧)..........................................................................................

૨)..........................................................................................

૨. પિતા / માતાનું નામ :..........................................................................................

૩. મોબાઈલ નંબર : પિતા :.................................... માતા :............................................

૪. એડ્રેસ :..........................................................................................

..........................................................................................

૫. આજીવન સભ્ય નંબર:..............
(પિતા / માતા /અન્ય ઘરના સદસ્ય)

૬. સ્કૂલ / યુનિવર્સિટીનું નામ :..........................................................................................

૭. અભ્યાસ : સ્કૂલ :- ધોરણ :.................................

કોલેજ :- વર્ષ :...................................

વિષય :...........................

ફોર્મ ભરી ભવનના WhatsApp નંબર +૯૧ ૬૩૫૧૫૬૩૧૩૯ પર મોકલી આપવું
નોંધ: પુસ્તક સહાયના નિયમ જરૂરથી વાંચવા.
વધારે જાણ માટે સંપર્ક કરવો.
લાયબ્રેરી કમિટિ : - નીરવ દેસાઈ - ૯૧ ૯૧૭૩૦૮૩૫૪૦

-: પુસ્તક સહાયના નિયમ નીચે મુજબ છે :-

૧) આ વર્ષ (૨૦૨૫-૨૬) ફકત ધોરણ ૮ થી ૧૨ ના વિદ્યાર્થી માટે પુસ્તક સહાય આપવામાં આવશે.
અન્ય વિદ્યાર્થીઓ માટે આવતા વર્ષથી સહાયનું આયોજન છે માટે ફોર્મ જરૂરથી ભરીને આપવું.

૨) વિદ્યાર્થીના વાલી (પિતા / માતા /ઘરના અન્ય સભ્ય) આજીવન સભ્ય હોવા જરૂરી છે.
ઘરના વડીલ જો આજીવન મેમ્બર હોય તો ઘરના ભણતા વિદ્યાર્થી ને જાણ કરવી.

૩) પુસ્તક સહાય યોજનામાં અભ્યાસક્રમ (GSEB / CBSE) મુજબના પુસ્તક પર ૫૦% રાહત આપવામાં આવશે.
૫૦% રાહત મેળવામાં પુસ્તકનું સ્કૂલથી મેળવેલ લિસ્ટ અને પુસ્તક લીધાનું બિલ રજુ કરવાનું રહેશે.
રાહત ફકત અભ્યાસના પુસ્તક માટે છે. અન્ય વસ્તુ (સ્ટેશનરી / નોટબુક) માટે મળશે નહિ.

૪) ઉચ્ચ સ્તર અભ્યાસના સ્ટુડેન્ટસ હાલ નિયમ મુજબ બુકસની ડિટેઈલ આપી, ડિપોઝીટ ભરીને મેળવી શકશે.

૫) ફુલસ્કેપ બુકનું વિતરણ ચાલુ છે, કિંમત રૂા. ૨૦/- (પ્રતિ બુક) રાખવામાં આવેલ છે.
ફુલસ્કેપ બુક અનાવિલ ભવનથી મેળવી લેવી.
કોન્ટ્રેકટ : મેનેજર શ્રી કેતનભાઈ સમય : સાંજે ૪ થી ૭ (સોમવારસિવાય)

**લાયબ્રેરી કમિટિ**

# એ. એમ. નાયક

**અનિલ મણિભાઈ નાયક (જન્મ ૯ જુન ૧૯૪૨)**

એક ભારતીય ઉદ્યોગપતિ , પરોપકારી અને લાર્સન એન્ડ ટુબ્રોના ચેરમેનએમેરિટસ છે .

એક ભારતીય એન્જિનિયરિંગ સમુહ , અને રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમના ભૂતપુર્વ ચેરમેન છે.

**શરુઆતનું જીવન** નાયક ગુજરાતી છે. તેમનો જન્મ ગુજરાતના શિક્ષકોના પરિવારમાં થયો હતો. એસ.એસ.સી સુધીનું શિક્ષણ ખારેલની શાળાઓમાંથી મેળવ્યું હતુ.જુન ૧૯૫૮માં નાયકે ગુજરાતમાં વલ્લભવિદ્યા નગરમાં બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય એન્જિનિયરિંગ કોલેજમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં સ્નાતક થયા. ત્યારબાદ મુકુંદ આયર્ન એન્ડ સ્ટિલ વકર્સ લિમિટેડમાં નોકરી કર્યા બાદ તેઓ નેસ્ટર બોઈલર્સમાં જોડાયા જે પારસીઓની માલિકીની કંપની હતી. નેસ્ટર બોઈલર્સમાં માલિકી અને વ્યવસ્થાપન શૈલીમાં ફેરફારને કારણે નાયક L&T તરફ વળ્યા.

**એ.એમ.નાયક**



**અનિલ મણિભાઈ નાયક**
**જન્મ : ૯ જુન ૧૯૪૨**
નવસારી , બોમ્બેપ્રાંત, બ્રિટીશ ભારત,
(હવે ગુજરાત , ભારત)

શિક્ષણ : બી.ઈ.(મિકેનિકલ એન્જિનિયરિંગ)
વ્યવસાય : લાર્સન એન્ડ ટુબ્રોના ચેરમેનએમેરિટસ
જીવનસાથી : ગીતા નાયક
બાળકો : ૨
પુરસ્કાર : પદ્મ ભુષણ (૨૦૦૯)
પદ્મ વિભુષણ (૨૦૧૯)

**એલ એન્ડ ટી ખાતે કારકિર્દી** ૧૫ માર્ચ ૧૯૬૫ના રોજ નાયક જુનિયર એન્જિનિયર તરીકે L&T માં જોડાયા. ત્યારબાદ ઝડપી પ્રગતિ થઈ જોડાયાના ત્રણ વર્ષ અને ૧૫ દિવસની અંદર તેમને આસિસ્ટન્ટ મેનેજર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. L&T માં એક રેકોર્ડ ૧૯૮૬માં તેમને જનરલ મેનેજર તરીકે બઢતી કરવામાં આવી. ૨૩ નવેમ્બર ૧૯૮૯ના રોજ L&T લિમિટેડ બોર્ડના સભ્ય બન્યા. ૧૯૯૯માં તેમણે ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે કાર્યભાર સંભાળ્યો. ૨૦૦૩માં તેઓ લાર્સન એન્ડ ટુબ્રોના ચેરમેન બન્યા. જે કંપનીના ઈતિહાસમાં આ પદ પર બઢતી પામેલા પ્રથમ કર્મચારી હતા. સુકાન સંભાળતા નાયકે પરિવર્તન પ્રક્રિયા શરુ કરી જેણે L&T ને વધુ ઉદ્યોગસાહસિક સંસ્થા બનાવી. ૨૦૧૭માં તેમણે એક્ઝિક્યુટિવ જવાબદારીઓ છોડી દીધી અને ગ્રુપ ચેરમેન તરીકે કાર્યભાર સંભાળ્યો. મે ૨૦૨૩માં નાયકને કંપનીના ચેરમેન એમેરિટસ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા.

**રિંગ ફેન્સીંગ** L&T ૧૯૮૦ના દાયકાના અંતમાં L&T ને એક મોટા વ્યાપારી જુથ દ્વારા ટેકઓવર કરવાનો પ્રયાસ થયો . પરંતુ નાયકે જે રીતે ટેકઓવર ને નિષ્ફળ બનાવ્યું અને આવા જોખામો સામે L&T ને મજબુત બનાવ્યું તે મીડિયામાં વ્યાપકપણે આવરી લેવામાં આવ્યું છે. આમ આ મામલો જીત-જીતમાં સમાપ્ત થયો. L&T ના નાયકના નેતૃત્વમાં રાષ્ટ્રીય મહત્વ ના ક્ષેત્રો- સંરક્ષણ, પરમાણુ , એરોસ્પેસ, માળખાગત સુવિધા, તેલ અને ગેસ અને વીજળી પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. તેમણે કંપનીના ઉત્પાદનો , ઓફરિંગ અને ક્ષમતાઓને મજબૂત , રાષ્ટ્રવાદી અભિગમ આપવામાં મહત્વપુર્ણ ભૂમિકા ભજવી છે. જેના કારણે કંપનીનું વર્ણન "૨૧મી સદીના ભારતનું નિર્માણ કરતી કંપની" તરીકે થયું છે. તેઓ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડમાંથી નિવૃત્ત થયા છે. ૨૦૧૮માં ભારત સરકારે નાયકને રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ નિગમના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા. આ સંસ્થા સ્કેલેબલ અને નફાકારક વ્યાવસાહિક તાલીમ પહેલ બનાવવા માટે ભંડોળ પુરું પાડે છે.

**પરોપકાર** ઓગસ્ટ ૨૦૧૬માં નાયકે જાહેરાત કરી કે તેઓ તેમના જીવનકાળ દરમિયાન તેમની આવકનો ૭૫% ભાગ સખાવતી કાર્યો માં દાન કરશે. શિક્ષણ માટે નાયક ચેરિટેબલ ટ્રસ્ટ અને આરોગ્ય સંભાળ માટે નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટની સ્થાપના કરશે. નિરાલી મેમોરિયલ મેડિકલ ટ્રસ્ટે નવસારીમાં કેન્સર હોસ્પિટલ સ્થાપવા માટે કરાર કર્યો હતો. જેનું સંચાલન ટાટા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે. જાન્યુઆરી ૨૦૧૯માં ભારતના રાજ્યપાલે ગુજરાતના નવસારીમાં કેન્સર હોસ્પિટલનો શિલાન્યાસ કર્યો. નવસારીમાં હેલ્થકેર કેમ્પસમાં એક સ્પેશિયાલિટી હોસ્પિટલ પણા હશે જેના માટે NMMTએ એપોલો હોસ્પિટલ ગ્રુપ સાથે જોડાણ કર્યુ છે. NMMT નજીકના સુરતમાં નિરાલી નેમોરિયલ રેડિયેશન સેન્ટર પણ ચલાવે છે. જે મુંબઈના પવઈ ખાતે એક બહુ શાખાકીય હોસ્પિટલ છે. અને ગુજરાતના ખારેલ ખાતેની હોસ્પિટલમાં આધુનિક તબીબી સુવિધાઓ પુરી પાડે છે.

સ્વ. કાશ્મીરાબેન બિપિનભાઈ દેસાઈ (ખરસાડ, પિયર-કાલીયાવાડી, હાલ બિલિમોરા) એક સક્ષમ અને સફળ ગૃહિણીની સાથે કુટુંબ અને અનાવિલ સમાજ માટે ખુબ કાર્યરત હતા. ઉચ્ચ અભ્યાસ (M.A.with Economics) અને સારી Job Offers હોવા છતા પોતાના કુટુંબની સારી રીતે દેખભાળ કરી શકે અને સમાજ ઉપયોગી થવાના હેતુરૂપ ગૃહિણી તરીકે રહેવાનું પસંદ કર્યુ શ્વશુર પક્ષના ઘણા સંબંધીઓને આશરો આપ્યો અને બને પુત્રીઓને ઉચ્ચ અભ્યાસની પ્રેરણા અને સગવડ આપી. શ્રી અનાવિલ પ્રગતિ મંડળ, વડોદરામાં મહિલા ટ્રસ્ટી તરીકે સક્રિય રીતે ૨૫ વર્ષ સેવા આપી. મહિલા પાંખમાં ઉપ-પ્રમુખ તરીકે ખુબ મહેનત અને લગનથી કાર્યભાર સંભાળ્યો.અનાવિલ બહેનો માટે શેરી ગરબાની શરુઆત હોય કે નોળીનોમમાં રોટલા હરિફાઈ આવા ઘણા કાર્યક્રમોના બીજ રોપ્યા.જીવનના ૭૫ વર્ષ સતત કાર્યશીલ રહ્યા. આજીવન શ્રી કૃષ્ણમાં અપાર શ્રધ્ધા અને એમની ભક્તિમાં લીન રહ્યા. અને અંતે રાધા-કૃષ્ણનું નામ બોલીને વૈકુંઠધામ પામ્યા.





**સ્વ. કાશ્મીરાબેન બિપિનભાઈ દેસાઈ**
**જન્મ ૧૯૪૫ સ્વ. ૨૦૨૫**
**ગામ -ખરસાડ**

"ઓમ નમો ભગવતે વાસુદેવાય"



Dr. Bipinbhai Desai (Native Kharsad ) had great countribution in the fied of energy couservation Highly educated Ph.D in Electrical Eng. from IIT, Mumbai and 2 Times Winner of National Awards for his research and innovation.

He started his career as faculty at IIT Mumbai Follow by heading R & D At Jyoti Ltd. Vadodara. He then success fully run his own firms for 3 decades.





**Late Dr. Bipinbhai Desai**
**Birth 1938 Late 2024**
**Native - Kharsad**

- He was one of the founder member of GEDA.
- Chairman of GEDA Research Committee.
- Life Senior member of IEEE.
- Fellow of Institute of Engineers.
- Fellow of Society of Power Engineers.
- Member of Executive Committee of Community Science Creative .
- He Conducted Large number of training Programme and trained thousands of Engineers.
- He Conducted 300 + energy audits .
- He Published many research papers and books and also success fully published magazine FCCS (Energy Couservation Quarterly) for 30 Years Afer 2005 till he lived he spent his time for research and innovation of energy Couservation.
- Apart from academies, he was sports Loving, fitness conscious and great human being



# 45+ Age Tennis Ball Cricket Anavil Tournament








WINNER


RUNNERS UP


Match 1 Man of the Match-Jyotindra Desai


Match 2 Man of the Match-Vidit Desai


Match 3 Man of the Match-Mitul Desai


Best Bowler of the Tournament-Ujjawal Desai


Best Batsman of the Tournament-Mitul Desai


Best Fider of the Tournament-Mitul Desai


Best Player of the Tournament-Vikrant Desai









# મહિલા દિન

































# મહિલા દિન


નારી ચેતના ઉડાન
મહિલા દિન – ૮ માર્ચ
ભારતીય યોગ સંસ્થાન
વિનામૂલ્ય યોગ સાધના કેન્દ્ર
રોજ સવારે ૬:૦૦ થી ૭:૦૦

# SEMINAR OF GPSC & UPSC AWARENESS, EXAM PREPARATION & GUIDANCE PROGRAM



# ભીલોના લાડીલા " ગુરૂજી " શ્રી ડાહ્યાભાઈ જીવણજી નાયક



**પ્રારંભિક :-** આ દેશના સૌથી વધુ કચડાયેલા સભ્ય સમાજ દ્વારા ઉપેક્ષિત તથા વારંવાર કુદરતી આફતમાં, દુષ્કાળ મોટે ભાગે, આફતમાં સપડાયેલા દુ:ખી નિરાધારોની સેવા કરવા માટે તેઓ નિર્ભય પણે જીવી શકે તે માટે તેઓમાં ઉત્સાહ અને પ્રેરણાનાં અમી સિંચવા માટે શ્રી ડાહ્યાભાઈ નાયક પંચમહાલ જીલ્લાના દાહોદ નજીક મીરાખેડીની ધરતી પર ૧૨-૦૭-૧૯૨૨ના રોજ આવ્યા.અને માત્ર ભીલ સમાજ જ નહિ પણ સમગ્ર પંચમહાલ અને ગુજરાતના જન હૈયે " ગુરુજી " બનીને આરૂઢ થયા. તેઓ મૂક સેવામાં પોતાનું કર્તવ્ય માનતા, ઉપકાર નહિ એ એમની મહાનતા છે.

એમનું જીવન વ્યકિતત્વ અને કર્મક્ષેત્ર. આ સર્વેને શબ્દોથી વ્યકત કરવું મુશ્કેલ છે. તેઓ સ્વભાવે વાત્સલ્ય સભર હૃદય, પૂ.ઠક્કરબાપા જેવી અનુપમ મેધાશકિત ધરાવતા હતા. બહુશ્રતતા અને અનાસકિતયોગ ભરી કર્મપ્રવરતા, જ્ઞાનયુકત વૈરાગ્ય સભર દ્દષ્ટિ. આ બધાનો સમન્વય એટલે શ્રી ડાહ્યાભાઈ નાયક. આવા માણસો પાકે છે એ આ દેશની ખૂબી છે.

વિસરતા જતા યુગના અવશેષરૂપ અને પ્રેરણારૂપ એમનું જીવન ભાવિ પેઢી માટે સીમાસ્તંભ બની રહે એ આશયથી એમનું જીવનચરિત્ર આલેખવાનું હું સાહસ કરું છું. હું લેખક નથી એટલે આમાં ત્રુટી જણાય તો તે માટે મને ક્ષમા કરશો.

**જીવનયાત્રા :-** ડાહ્યાભાઈ નાયકનો જન્મ ૨૬ મે , ૧૯૦૧માં થયો હતો. તે જમાનામાં નાની ઉંમરે લગ્ન થતા. માત્ર ૧૮ વર્ષની ઉંમરે ૧૯૧૮માં લગ્ન થયા. તેમની પત્નીનું નામ શ્રીમતિ મણિબેન. તેમનું શરૂઆતનું શિક્ષણ ભાંડુતમાં (ઓલપાડ, તાલુકો-સુરત) ત્યારબાદ માધ્યમિક શિક્ષણ ધરમપુર,બેન બનેવીને ત્યાં થયું. તેમના બનેવી ધરમપુર સ્ટેટના દીવાન હતા. (કુંવરજી દેસાઈ)

મેટ્રીકના અભ્યાસ બાદ કોલેજનું શિક્ષણ સુરત એમ.ટી.બી.કોલેજમાં લીધું. સન ૧૯૨૦માં જયારે બી.એ.ના છેલ્લા વર્ષમાં હતા. ત્યારે મહાત્મા ગાંધીજીની હાકલે ભણતર છોડી દેશસેવા માટે આંદોલનમાં જોડાયા.

ત્યારબાદ ૧૯૨૨માં બી.એની સ્નાતક પદવી ગુજરાત વિદ્યાપીઠમાંથી મેળવી તે જ વર્ષે ડાહ્યાભાઈ એ ગુજરાત વિદ્યાપીઠના આચાર્ય શ્રી ગીદવાણીના પાસે રાષ્ટ્રસેવા માટે કાર્યની માંગણી કરી. તેથી તેઓએ તેમને શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક પાસે મોકલયા શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકે તેમની સેવાની ધગશ અને તેમનું હિર પારખીને પંચમહાલના ભીલ પ્રદેશમાં જઈને તેઓની સેવા કરવાનું કહ્યું. સાથે તેઓએ કહ્યું કે ત્યાંના પ્રદેશમાં ઘણી મુશ્કેલીઓ છે. બધી જાતની રહેવાની ,ખાવાની, ભયંકર જંગલમાં વસવાટ કરવાની , લૂંટારાઓ ત્રાસ સહન કરવાની વિ. એને માટે તૈયારી હોય તો ત્યાં જઈ શકો છો. હા, પાડયા પછી ઈન્દુલાલે તેમને શ્રી સુખદેવભાઈ ત્રિવેદીને જઈ દાહોદમાં મળવાનું કહ્યું અને ચિઠ્ઠી લખી આપી. સુખદેવભાઈને મળતા તેઓએ ગુજરાત અત્યંજમંડળ તરફથી ચાલતા દાહોદથી ૧૩ કિલોમીટર દૂર આવેલા મીરાખેડી આશ્રમમાં આચાર્ય પદે નિમ્યા. તા.૧૨-૦૭-૧૯૨૨.

શ્રી ડાહ્યાભાઈ મીરાખેડી આવ્યા તે પહેલાં ૧૯૨૦-૨૧માં અહીં ભારે દુષ્કાર પડયો હતો. તે સમયે સુખદેવભાઈએ પૂ. ઠક્કરબાપાને દાહોદ બોલાવ્યા હતા. ત્યારે પૂ.બાપા રાહત કાર્ય અંગે આ વિસ્તારમાં ગામડે ગામડે ફર્યા. દુષ્કાળનું વર્ષ પૂરું થયા પછી પૂ. ઠક્કરબાપાને લાગ્યું કે અહીં દુષ્કાળનું કામ કરવાથી ચાલે તેમ નથી. આ પ્રદેશમાં વસતા ભીલોની સેવા માટે કાયમ કંઈક નક્કર કામ કરવું જોઈએ. આથી ૧૯૨૨માં ડિસેમ્બરમાં ભીલ સેવા મંડળની વિધિસર સ્થાપના કરી. આ અંગે પ્રસ્તુત છે, છ માસથી ગુજરાત અત્યંજમંડળ તરફથી ચાલતા મીરાખેડી આશ્રમનું સંચાલન શ્રી ડાહ્યાભાઈ જ કરતા હતા.

શ્રી ઠક્કરબાપાએ સ્થાપેલા ભીલ સેવા મંડળમાં આજીવન સભ્ય તરીકે પ્રતિજ્ઞા લઈને ૧૯૨૩માં જોડાયા અને મીરાખેડીમાં રહેવું એમ નક્કી થયું. અત્યંજ સેવા મંડળે મીરાખેડીનો રાષ્ટ્રીય આશ્રમ તા.૨૯-૧૨-૧૯૨૪ના રોજ ભીલ સેવા મંડળને શિક્ષકો સહિત સોંપ્યો. આમ શ્રી ડાહ્યાભાઈ આપોઆપ ત્યાંના સેવક બન્યા.

૧૯૩૦માં સવિનય કાનુનભંગની ગાંધીજીની લડતમાં સક્રિય ભાગ લીધો. દાહોદ તાલુકાના ગમલા ગામમાં વિદેશી સહકાર સામે ભાષણ આપ્યું. આઠ માસની સજા થઈ. આદિવાસીઓને ઉશ્કેરવાનો આરોપ મૂકીને સાબરમતી જેલમાં મોકલી આપ્યા.૧૯૩૧માં ગાંધી-ઈરવીન કરારો થયા અને તેઓ જેલમાંથી મુકત થયા અને મીરાખેડીનો આશ્રમનો હવાલો સંભાળી લીધો.

સુખી સંપન્ન ઘર-પરિવારના દીકરાએ દેશપ્રેમને વહાલો કર્યો. કોણે જાણ્યું હતું કે નાગપુર કોંગ્રેસનું એલાન થતા હજારો વિદ્યાર્થીઓ શાળા-કોલેજ છોડી તેમાં ઝંપલાવું જેમાં ડાહ્યાભાઈ , મહાત્મા ગાંધીએ દેશ પર એક જાદુઈ હવા ફેલાવી હતી. શ્રી ડાહ્યાભાઈએ બી.એ.ની ઉવાધિનો મોહ છોડી , ભાવિ ઉજ્જવળ કારકિર્દી પણ છોડી. સુરત છોડી પંચમહાલ જીલ્લાના ઊંડાણના મીરાખેડીના વનપ્રદેશમાં કોની પ્રેરણા હતી, કઈ શકિતએ આ મહાન નિર્ણય લેવડાવ્યો હતો તેની વિગતો આપણી પાસે નથી. અમે સૌ તેમને બાપુજી કહેતા, પૂછીએ તો એટલું કહે તે વેળા દેશની માંગ હતી અને એ જ સ્વધર્મ હતો, અને સ્વધર્મનું આચરણ કર્યું, એથી વિશેષ કંઈ નહીં. તેમના મીરાખેડીના જીવન વિશે એમની પાસેથી જે કંઈ સાંભળ્યું તે અહીં વિસ્તારથી **(પાછળ)**

લખવામાં જાતને રોકી શકતી નથી. ક્યાં આજે જરા ગરમીમાં એ.સી.માં રહેતા આપણે ને આપણાં સંતાનો!!

સૂરતના ખાનદાન નબીરાનું સૂરતથી મીરાખેડીનું પ્રયાણ ખરેખર અદભૂત હતું. તે જમાનામાં પંચમહાલ જીલ્લો એટલે જાણે દુનિયાનો છેડો. આજના જેવી Transport System તે વખતે નહોતી. પ્રથમવાર મીરાખેડી પહોંચ્યા ત્યારે આશ્રમમાં રહેતા. એક સેવકના કુંટુંબ તરફથી સાંજનું ભોજન મળ્યું. મકાઈની થૂલી જીવનમાં પેહલીવાર આરોગી! બીજે દિવસે દીવાસાનો તહેવાર હતો તો આશ્રમના ભીલ રસોઈયાએ રાંધેલી ઘઉંની થૂલી મળી ! પછી તેમણે પોતાની રસોઈ પોતે જ બનાવી લેવાનો સંકલ્પ કર્યો. ભાખરીનો લોટ બાંધ્યો પણ વણવા વેલણ મળે નહીં, વેલણ વિના ભાખરી વણવી કેવી રીતે ? બ્રાહ્મણ કુંટુંબ પાસેથી વેલણ માંગ્યું પણ મરજીદી બ્રાહ્મણ સ્ત્રીએ ના આપ્યું. કાચની બાટલીથી વણી ભાખરી ખાધી.

ટૂંકમાં જ પત્ની મણીબેનને મીરાખેડી લઈઆવ્યા. શ્રીમતિ મણિબેનને ખ્યાલ જ નહોતો કે કેવા પ્રદેશમાં જવાનું છે ? એ તો જમાનાથી રીત પ્રમાણે શરીર પર ઘરેણાં પહેરીને સુરતથી ટ્રેનમાં નીકળ્યા. લીમખેડા સ્ટેશન આવતાં કોઈ વહોરા ગૃહસ્થ ગાડીમાં ચડયા. તેમણે પૂછયું “ક્યાં જશો !” જવાબ મળ્યો મીરાખેડી. ત્યારે એ ગૃહસ્થ ચેતવણી આપી આવા ઘરેણાં પહેરી મીરાખેડી જવાય નહી, એમાં ભારે જોખમ છે, એટલે બધા ઘરેણાં દાહોદમાં જ કોઈસુરક્ષિત જગ્યાએ રાખ્યા.

શ્રીમતિ મણિબેન પતિને પગલે મીરાખેડી આવ્યા ત્યારે એમના દિલમાં શું અરમાનો હશે ! અને પ્રત્યક્ષ પરિસ્થિતિ શું હતી ! એક છાત્રાવાસના મકાન તો પહોળો ઓટલો ત્યાં વાંસની ભીંત કરી છાણથી લીપ્યું એટલે ૧૩” × ૮” નું નિવાસ સ્થાન તૈયાર હવા માટે ભીંતમાં બાકોરાં, ક્યાં બારી અને બારણું તો મળે જ નહિ, એટલે તાળું મારવાની કડાકૂટ મટી. ઓરડામાં ભીલ બાળકો રહે અને ભણે. આ નિવાસ સ્થાનમાં બીજા પણ સહભાગી હતા ઘણી સંખ્યામાં તે હતા, ક્યાંક કોઈ વસ્તુને હાથ લગાડયો તો વીંછી જ હાથ આવે, શ્રી ડાહ્યાભાઈ એકવાર ટોપી લઈને માથે મૂકવાં જાય ત્યાં ટોપીમાંથી વીંછી નીકળ્યો હતો. પાટિયાં પર મૂકેલી તપેલી લેવા જાઓ તો ગૂંચલું વાળેલો સાપ નજરે ચડે. સુવાનું તો ભોંય પર વીંછી અને સાપની વચ્ચે જ વળી રાત્રે દીપડાનો પણ ભય રહેતો. એ જમાનામાં ભીલથી પર મણિબેન થર થર કાંપતા. “ માત્ર શરીર પર લંગોટી હોય ને બંડી પહેરી હોય, માથે ફાળિયું ને હાથમાં તીર-કામઠાં. ધન્ય છે આ પત્નીને જેવો પતિના આ સીધા ચઢાણની વિકટ યાત્રામાં મૂંગામોંએ સંપૂર્ણ સહકાર આપ્યો. મીરાખેડીનાં આવા નિવાસસ્થાનમાં ચાર બાળકોના માતા-પિતા બન્યા. બધી જ ડીલીવરીમાં ડાહ્યાભાઈનો દાયણ શાથે સંપૂર્ણ સહકાર રહ્યો. એકાદ વખત તો દાયણ પણ મળી ન હતી તો ડાહ્યાભાઈએ જ સુખરૂપ પ્રસુતિ કરાવી હતી.કેવું ધન્ય જીવન!!

બાળકોના શિક્ષણ માટે (સરલા, મંજુ,રમેશ) દાહોદમાં દોલતગંજમાં શ્રી જીતમલજી શેઠનું મકાન ભાડે લીધું. સરલાને એક વર્ષ માટે ઈટોલા મૂકી ચાર ધોરણ સુધી ગુજરાતી શાળામાં શિક્ષણ લીધું. પાંચમા ધોરણથી ત્યાંની હાઈસ્કુલમાં મેટ્રીક સુધી શિક્ષણ લીધું. પૂ. બા. બાળકો સાથે રહ્યા. પૂ.બાપૂજી મીરાખેડીથી દાહોદ આવતા જતાં.

દાહોદથી ચાર કિલોમીટર દૂર ૧૯૩૯ જાન્યુઆરીમાં દાહોદ કન્યા આશ્રમની સ્થાપના થઈ. જમીન વિ. ભીલ સેવા મંડળમાં (લક્ષાદિપતિ) શ્રી શ્રીકાંત શેઠ આજીવન સભ્ય તરીકે જોડાયા હતા. તેમણે દાન આપ્યું તે વખતના મુંબઈ રાજયના મુખ્ય પ્રધાન શ્રી બી.જી. ખેર તથા શ્રી મોટારજીભાઈ પ્રધાનમંડળમાં હતા, તેઓના હસ્તે સ્થાપના થઈ.

૧૯૪૨માં હિંદ જોડો આંદોલનમાં ભાગ લીધો આશ્રમમાં રહેતા શ્રી લક્ષ્મીદાસ , શ્રીકાંત , શ્રી સુખદેવભાઈ, શ્રી પાંડુરંગ વણીકર દાદા શ્રી અંબાલાલ વ્યાસ સર્વે આજીવન સભ્યોની ધરપકડ થઈ. બધા આજીવન સભ્યો જેલમાં જવાથી પૂ.ગાંધીજીના રંગે રંગાયેલા જાણીતા વકીલોએ ભીલ સેવા મંડળનો સઘળો વહીવટ સંભાળ્યો.

પૂ. બાપુજીએ ૧૯૪૫થી ભીલ સેવા મંડળનો પ્રમુખ તરીકેની જવાબદારી લઈવહીવટ સંભાળ્યો.

દર ત્રીજે વર્ષે દુષ્કાળ પડે એવો એ પંચમહાલ જીલ્લો આથી દુષ્કાળ રાહતના કામો વારે વારે કરી. તેના સફળ સંચાલનમાં દક્ષતા મેળવી હતી. આ અંગે એક પ્રસંગનો ઉલ્લેખ કરવાનું ટાળી નથી શકતી.મોટા પુત્ર રમેશના (મારા પિતા) લગ્નમાં જાણે મહેમાન હોય તેમ હાજરી આપી. જાન વિદાય થાય તે પહેલાં જ લગ્નને દિવસે જ રાતની ટ્રેન પકડી અગત્યના કામે ફરજ બજાવવા નીકળી ગયા હતા.

૧૯૬૦માં બીજા પુત્રના લગ્ન પતાવી દાહોદ સ્ટેશને આવતા જ લોકલ બોર્ડ તરફથી જાણ કરવામાં આવી કે દાહોદ શહેર અને ગામડાંઓમાં તીવ્રપણે કોલેરા ફાટી નીકળ્યો હતો. આથી લગ્ન અંગે સ્વાગત સમારંભ કે અન્ય રીતે હર્ષ વ્યકત કરવાનું છોડી સ્ટેશને થી સીધા જ ગોધરા ગયા અને તાત્કાલિક કોલેરા રાહત અંગે સંપૂર્ણ વ્યવસ્થા કરી.

દરેક ગામડાંઓમાં કોલેરાની રસી મૂકાવવાનો બંદોબસ્ત કર્યો. એટલું જ નહીં પણ જયાં જયાં કોલેરાના દર્દીઓ હોય તેમને એમ્બ્યુલન્સ કારમાં દાહોદમાં સ્થાપેલા દવાખાનામાં લાવવાની વ્યવસ્થા પણ જાતે જ કરી હતી. અંગત લાગણીઓને ગૌણ કરી, સ્વ - ધર્મચરણ પ્રત્યે કેવી જાગૃતિ અને તત્પરતા!!

પૌત્ર શૈલેષનું આ સ્મરણ છે.“એકવાર પૂ. બાપૂજીએ અમને દિવાળીમાં ફટાકડા ફોડવા ન દીધા હતા. તે વેળા દાહોદમાં કોમી હુલ્લડ ફાટી નીકળ્યું હતું. મામલો વણસતાં ગામડાઓમાંથી ભીલો પણ તીર-કામઠાંથી સજ્જ થઈ દાહોદ આવ્યા હતા. વાતાવરણ ત્યારે તંગ હતું. ભારેલો અગ્નિ કોઈ પળે ભભુકી ઉઠે તેવો ભય હતો. ત્યારે બાપૂજી પોતાના જાનની પરવા ન કરતા ટોળાઓમાં પથ્થરના વરસતા વરસાદ વચ્ચે જઈને ઊભા એકાદ પથ્થર વાગ્યો પણ ખરો, કપાલમાંથી લોહીની ધાર વહેવા લાગી , તુરંત બીજા કાર્યકરો તેમને ઘેરી તેમનું રક્ષણ કર્યું. મામલો થાળે પડયો પણ દિવાળીની ઉજવણી બંધ રહી પરિણામે પૂ.બાપૂજીએ દારુખાના ઉપર પ્રતિબંધ ફરમાવ્યો, ને દિવાળી દારુખાના તથા મીઠાઈ વિના ઉજવી.

૧૯૪૫ થી ૧૯૬૨ સુધી પંચમહાલ ડિસ્ટ્રીકટ લોકલ બોર્ડના પ્રમુખ તરીકે યશસ્વી સેવાઓ આપી. ➔

૧૯૫૦માં આસામમાં ધરતીકંપથી જાનહાનિ થઈ. તો પૂ.ઠક્કર બાપાએ પૂ. બાપૂજીએ રાહત કાર્યની વ્યવસ્થા માટે આસામ મોકલ્યા તે વખતે પૂ. બાપૂજીને (ડાહ્યાભાઈને) સેન્ટ્રલ ગર્વમેન્ટ તરફથી ત્યાંના ગર્વનેર આસામના રીલીફ ફંડના વહીવટકર્તા(મંત્રીપદે) નીમ્યા. આ કાર્યમાં પોતાની અત્યંત કુશાગ્ર વ્યવસ્થા શકિતથી ભારે સફળતા મેળવી, ત્યાંના કાર્યકરોને દંગ કર્યા હતા. એ હકીકત બહુ ઓછાને જાણ હશે.

આ ઉપરાંત ગાંધીજીએ ચલાવેલા આઝાદીની જંગોમાં ભાગ લઈ અવારનવાર જેલયાત્રા પણ કરી હતી. ૧૯૬૨ થી ૧૯૬૭ દરમ્યાન સંસદ સભ્ય તરીકે કામ કર્યું. સંસદમાં તેઓ એસ્ટીમેટ કમિટિના સભ્ય તરીકે  પણ કામ કર્યું. મને આજે પણ એમને સંસદ તરીકે ફાળવેલ મકાનનો નંબર યાદ છે. ૮૩- North Avenue એમને મળતાં રૂા. ૭૦૦ ના ભથ્થામાંથી રૂા. ૩૦૦ પોતાના ખર્ચ માટે રાખી બાકીના દાહોદ ભીલ સેવા મંડળમાં દાન આપતા તેની પણ બહુ ઓછાને ખબર છે. પૂ. મોટીબાએ  આ વાતનો ઉલ્લેખ એક વખત મારી પાસે કરેલ.

૧૯૬૧માં રાષ્ટ્રપતિએ શ્રી ઢેબરભાઈના પ્રમુખપદે અનુસૂચિત જન જાતિ અને અનુસુચિત વિસ્તારોના અભ્યાસ માટે એક આયોગની સ્થાપના કરવામાં આવી હતી. આ આયોગમાં શ્રી ડાહ્યાભાઈ (બાપુજી) ની પણ એક સભ્ય તરીકે નિમણુંક કરવામાં આવી હતી. આ આયોગના કાર્યમાં શ્રી ડાહ્યાભાઈએ ખૂબ સક્રીયપણે  કામ કર્યું. શ્રી ઢેબરભાઈને પણ એમનામાં સંપૂર્ણપણે વિશ્વાસ હતો. બે વર્ષ સુધી દેશના તમામ આદિવાસી વિસ્તારો અને આદિવાસી પ્રવૃત્તિઓના આ આયોગે અભ્યાસ કરી ભલામણ કરી હતી.

આદિવાસીઓના સેવા-કાર્ય ઉપરાંત હરિજનોની સેવાનું કામ એમના જીવનમાં એક અત્યંત મહત્ત્વના અને પાયાના કામ તરીકે   વિકસ્યું. સાબરમતી હરિજન આશ્રમના પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી. આ ક્ષેત્રમાં પણ દ્યેયનિષ્ઠા વિગતોમાં ઊંડા ઉતરી અભ્યાસ કરવાનો આગ્રહ , કાર્યનો ઉકેલ લાવવાની સૂઝ, ખંતને વ્યવસ્થા શકિતથી હરિજન આશ્રમમાં વર્ષોથી કબજો જમાવી બેઠેલાને જગ્યા ખાલી કરાવવાની ફરજ પાડી કારણકે તેઓનો હક્ક જ નહોતો. અને તેમના પોતાના બંધાવેલા ઘરોમાં રહેવાની ફરજ પાડી.

૧૯૨૦-૨૧માં શ્રી ડાહ્યાભાઈ દિશાજીવન બદલવાના નિર્ણયથી કુટુંબીઓ નારાજ થયા હતા, પણ ઉત્તરોત્તર પ્રગતિથી એ રોષ ક્રમશ: ઘટતો ગયો. ને જયારે ૧૯૬૦માં રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રબાબુએ " પદમશ્રી " થી નવાજયા ત્યારે તો રોષ સર્વનો દૂર થઈ ગયો.

૧૯૭૭ થી ૧૯૮૩ સુધી ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે રહ્યા. આ ગાળા દરમ્યિાન વિદ્યાપીઠ વૃક્ષમાં તેમના વ્યકિતત્વ વિશે નોંધ થઈ છે. તેઓના સમય દરમ્યિાન વિદ્યાપીઠે શૈક્ષણિક ક્ષેત્રે નીરવ શાંતિથી પ્રગતિ કરી છે.

નિર્મળ પ્રેમભાવનાની જયોત પ્રગટાવી વિદ્યાપીઠમાં સૌના એ લોકપ્રિય કુલનાયક રહ્યા. આ સમય દરમિયાન પંચમહાલ ખાદી-ગ્રામોદ્યોગમાં પણ કામ કર્યું. આજે ત્યાં સારા એવા કારીગરો રોજી મેળવી રહ્યા છે. લગભગ બધા ક્ષેત્રોમાં તેઓએ તેમના જીવનનો ૭૦ વર્ષનો અમૂલ્ય ફાળો આપ્યો. તેઓ જયારે વિદ્યાપીઠમાં હતા ત્યારે નાણાં સમિતિમાં અધ્યક્ષ હતા. આ સમિતિમાં યુ.જી.સી. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય તથા નાણાં મંત્રાલયના પ્રતિનિધિઓ આ સમિતિના સભ્યો હતા. બિનજરુરી વિગતોમાં પડયા વગર વિદ્યાપીઠના અંદાજપત્રની મુખ્ય બાબતો આ સમિતિને સારી રીતે સમજાવી શકયા હતા. તેમણે વિશ્વભરની યુનિવર્સીટી કામગીરીનો ઝીણવટ ભર્યો અભ્યાસ કર્યો. તે વખતે તેમની સાથે કામ કરનાર વિશ્વવિદ્યાલય અનુદાનના આયોગના સચિવ શ્રી રાજેન્દ્ર છાલરાએ કેન્દ્રિય યુનિવર્સીટીની સમસ્યાઓ વિશેની તેમની ઊંડાસૂઝની પ્રશંસા કરી હતી. ખાસ કરીને ગુરુદેવ ટાગોરના આદર્શો પ્રમાણે વિશ્વભારતી કાર્યપદ્ધતિમાં મહત્ત્વના ફેરફારો સૂચવ્યા હતા.તેઓએ સર્વોદય ઈવોલ્યુશન કમિટિના ચેરમેન તરીકે સેવા આપી. ઓલ રાઉન્ડ વેલફેર સીડયુઅલ ટ્રાઈબેઝ એન્ડ સીડયુઅલ કાસ્ટ કમિટિના ચેરમેન તરીકે સેવા આપી. શ્રી ડાહ્યાભાઈ નાયકની દોરવણી હેઠળ મંડલનો સારો એવો વિકાસ થયો.

આદિવાસીઓના ઉત્થાન માટે ૧૯૨૨ થી ૧૯૯૪ સુધી અવિરતપણે સેવાઓ આપી. પહેલા પ્રમુખ પછી ટ્રસ્ટી તરીકે તેમણે મંડળનો ઉત્તરોત્તર વિકાસ કર્યો છે. જયાં આશ્રમ, આશ્રમશાળાઓ ,ઉત્તર બુનિયાદી શાળાઓ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી શાળાઓ મહિલા અધ્યાપન મંદિર, મહિલા તાલીમ કેન્દ્ર, આંગનવાડી તાલીમ કેન્દ્ર , બાલવાડીઓ, દાઈ કેન્દ્રો , પ્રૌઢ શિક્ષણ કેન્દ્રો વિગેરેનો માત્ર વિસ્તાર જ નહીં વિકાસ પણ ઉચ્ચકક્ષાનો થયો. ભીલ  સેવા મંડળ હિંદુસ્તાનમાં અનન્ય છે. તેના જેવું આદિમજાતિ કલ્યાણનું કામ કોઈપણ પ્રાંતમાં નથી.

૨૯મી ૧૯૯૪માં તેઓ શાંતિથી ચિર નિદ્રામાં પોઢયા. (છેક સુધી પથારીવશ ન હતા)

સેવા માટે નિસ્વાર્થ રીતે જીવન સમર્થન કરનાર વિભૂતિને કોટિ કોટિ વંદન.



**સ્વાતિ દેસાઈ (મૈત્રી)**

# દાદા હો દીકરી

માનવીનું જીવન સંબંધોના અનેક તાણાવાણાથી ગુંથાયેલું હોય છે. માતા-પિતા, ભાઈ-બહેન, પુત્ર-પુત્રી, દાદા-દાદી વિ. આ બધા સંબંધોથી પર નિઃસ્વાર્થ આજે હું પણ દાદી થવા ભાગ્યશાળી થઈ છું . ત્યારે પણ મનોમસ્તિકના ઉત્તુંગ શિખર પર એક જ સંબંધ આજે પણ વિરાજમાન છે. તે મારા દાદા (ડાહ્યાભાઈ જી.નાયક) સાથેના સંબંધ લાગણીના તાણાવાણાથી ગુંથાયેલા સંબંધ આજે પણ યાદ કરતાં આંખમાં ભીનાશ આવે છે.

વિરાટ વ્યકિતત્વ ધરાવનાર મારા દાદા મારે માટે તો વહાલસોયા દાદાજી જ હતા. એમના જીવન વિશે, વ્યકિતત્વ વિશે, સામાજિક કાર્યો વિશે, કર્તવ્ય નિષ્ઠા વિશે ને આઝાદીની ચળવળમાં જોડાઈને સ્વધર્મનું આચરણ કર્યું. એના સંબંધમાં તો જીવન યાત્રાના સ્તંભો વિશે આ કલમે લખાયું, પણ આજે હું તમને તેમના વ્યકિતત્વના એવા પાંસાનો અનુભવ કરાવવા માંગુ છું, જે વિશે ઘણાં ઓછાને ખબર હશે, જેના વિશે મેં વર્ષો સુધી વાગોવ્યા કર્યું છે. વિચાર કયારેક શબ્દોમાં વ્યક્ત થતો પણ કલમ પર ઉતારીશ એ વિશે સ્વપ્ને પણ ખ્યાલ ન હતો.

મારા દાદાની જીંદગીના પાછલા વર્ષોમાં જયારે તેમના અનુભવો અમને કહેતા ત્યારે અમે બધા (કુટુંબના સભ્યો) તેમને જીવન કથા , કંઈક અંશે આત્મકથા લખો નું કહેતા ત્યારે હંમેશા જવાબ ના માં જ મળતો. આત્મવંચના કે આત્મપ્રશંશા કરવા માટે આત્મકથા નથી લખવી એમ જ કહેતા.

વિચાર કરો જે વ્યકિતના જીવનના ૨૦મા વર્ષેથી જ સેવાનો ભેખ લીધો હતો તે સેવા તેમના જીવનના ૯૦વર્ષ સુધી અવિરત પણે જારી રાખી હતી પણ કયાંય કોઈ અપેક્ષા નહીં, માંગણી નહિ. આ તો કોઈ વિરલ વ્યકિત જ કરી શકે.

મોટા ભાગના દેશસેવકો, રાજદ્વારી પુરુષો કે સામાજિક કાર્યકરો કુટુંબ માટે ભાગ્યે જ સમય કાઢતા હશે પણ બાપુજીએ તેમની સતત કાર્યરત જીંદગીમાં તેમણે કુટુંબ સાથેનો પ્રેમ ભર્યો નાતો હંમેશા રાખ્યો છે.

મારો જન્મ દાહોદમાં થયો હતો. ઘણાં વર્ષો પછી ઘરમાં પુત્રીનો જન્મ એટલે સ્વાભાવિક ઘરમાં બધાંને ખૂબ જ આનંદ થયો. મારી પહેલા મારા મોટાભાઈ મુ.શૈલેષ ને બે ફોઈઓને ત્યાં પણ બે બે દીકરા જ હતા તેથી પૌત્રીના જન્મના સમાચાર જાણતા જ તરત મને જોવા દોડી આવ્યા હતા. એ જમાનામાં મ્યુનિસિપાલીટીની હોસ્પિટલમાં કંઈ ઝાઝી સારી ચોકખાઈ કે વ્યવસ્થા નહીં. આવતાની વારમાં જ પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. મારી મમ્મીને તાવ પણ આવતો હતો, તેથી તરત જ બધાને મારી અને પૂ. મમ્મીની સવિશેષ કાળજી રાખવાની સૂચના આપીને ઉપરીને મળી એ માટે ઘટતું કરવાની વિનંતી કરી.

આખા દિવસની વ્યવસ્તા વચ્ચે પણ મને રમાડવાનો સમય અચૂક ફાળવતાએ સમય હતો સવારનો રોજ સવારે બાપુજી રેટિયો કાંતતા બેસતા પાસે જ મન સુવાડવાનો નિત્યક્રમ. સૂતર કાંતતા જાયને મને રમાડતા જાય તેની સાથે મારી આંખ પણ એકીટસે તે ક્રિયા જોતી રહેતી તેમ મારી મમ્મી કહેતી . સૂતર કાંતતા, સૂતરના તાણાવાણા ગુંથતા, લાગણીના મજબૂત તાણાવાણા એવા ગુંથાયા કે ખબર યે ન રહી. મારું બાળપણ એમના સાંનિદયમાં વીત્યું. મારો મોટાભાઈ તો લગભગ દોઢ વર્ષનો હતો. ત્યારથી છ વર્ષનો થયો ત્યાં સુધી પૂ. બાપુજી ને પૂ. મોટીબા પાસે રહ્યો. હું પૂ. પપ્પા તથા પૂ. મમ્મી ની યાદ આવતા વચ્ચે વચ્ચે વડોદરા આવતી લગભગ છ પૂરા થયા ત્યાં સુધી ત્યાં જ રહી .

અમારા ઉછેરમાં પણ જરૂરી સૂચના અમારી પૂ. મમ્મી ને અપાતી.મારા પછી મારો નાનો ભાઈ તેનો જન્મ વડોદરામાં થયો હતો. અમે ત્રણ ભાઈ-બહેન પૂ. બાપુજી અને પૂ. મોટીબા ના પ્રભાવ હેઠળ મોટા થયા.

મારા પૂ.પપ્પા વડોદરામાં સ્થાયી થયા હતા. અમારું શાળાકીય ને કોલેજ નું શિક્ષણ વડોદરામાં જ થયું. પણ એકપણ વેકેશન એવું ન હતું કે અમે દાહોદ ન ગયા હોઈએ. એક અદ્દ્ભૂત ખેંચાણ અમને દાહોદ ખેંચી જતું. વાર્ષિક પરીક્ષા પતે તે જ દિવસે જનતા ગાડીમાં જવાનો નિયમ કોલેજના પહેલાં વર્ષ સુધી રહ્યો. પછી પૂ. બાપુજીએ અમદાવાદ વિદ્યાપીઠમાં કુલપતિ પદ સ્વીકાર્યું. તેથી ત્યાં જતા દિવાળીમાં કુટુંબના સભ્યોએ ભેગાં થવું એ નિયમ પણ વર્ષો સુધી રહ્યો. મારા પૂ. કાકા, પૂ.કાકી તેમના બે પુત્રો પૂ. ફોઈ , ફોઈના દીકરાઓ બધા અનુકુળતા પ્રમાણે આવતા ને થોડા દિવસ સાથે રહેવાની મઝા માણતા.

દુષ્કાળના વર્ષોમાં ઘરમાં મિઠાઈ બનતી નહીં ને ફટાકડા ન ફોડવાના કડક કાયદો પણ અમે કયારેય એ વિશે અફસોસ વ્યકત કર્યો ન હતો. પૂ. બાપુજીના નિર્ણયમાં અમે બધા ખૂબ નાના હોવા છતાં સાથ પૂરાવતા. બાપુજી કહે તે બ્રહ્મવાકય અમારે પણ ખાદી પહેરવી એમ નિયમ લેવડાવ્યો હતો. તેમાં પણ લગભગ પરણ્યા ત્યાં સુધી એ નિયમ પાળ્યો હતો. દાહોદના આશ્રમ જીવનની ઊંડી અસર અમારા પર પડી છે. આજે પણ જયારે અમે બધાં ભાઈબહેન ભેગાં મળીએ ત્યારે દાહોદની યાદ અગ્રસ્થાને હોય ને પૂ. બાપૂજીની આસપાસ ગૂંથાયેલા ઘણાં પ્રસંગો યાદ કરીએ છીએ . અમારો સુવર્ણકાળ એટલે આશ્રમમાં ગાળેલો સમય. મારા કોલેજકાળ દરમિયાન નિખિલ મારા જીવનમાં આવ્યા ત્યારે પણ તેમની સાથે પ્રેમગોષ્ઠીને બદલે પૂ. બાપુજીને દાહોદની જ વાતો હોય. અમે બધા જ બાળકો પૂ. બાપુજીને ખૂબ જ વહાલાં, પણ મને ને મારા મોટાભાઈ શૈલેષને તેમના સાંનિધ્યનો લાભ સૌથી વધારે મળ્યો છે. મારા મોટાભાઈ તો સાત વર્ષ વિદ્યાપીઠમાં પણ તેમની સાથે રહ્યા હતા. ને વિદ્યાપીઠના નિયમ પ્રમાણે મારા પૂ. મોટાભાઈ ને પૂ. ભાભીએ ખાદી અપનાવેલી. અમને બાપુજી સમય કેવી રીતે ફાળવતા એ જાણવું પણ ખૂબ જ રસપ્રદ છે. વેકેશનમાં અમે જયારે દાહોદ જઈએ ત્યારે પૂ. બાપુજીનો આખા દિવસનો કાર્યક્રમ ભરચ્ચક હોય. દાહોદનું ભીલ સેવા મંડળનું કાર્ય ખૂબ જ વિસ્તરેલું એટલે જરાય નવરાશ નહીં. વળી તે સમયમાં વર્ષ પૂરું થતું હોય તેથી બધી આશ્રમશાળાના હિસાબ-કિતાબ →

જોવાના હોય , કોઈ જગ્યાએ આશ્રમમાં સગવડ વધારવાની હોય, ફંડ-ફાળો ભેગો કરવાનો હોય, કયાંક મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો હોય, ઉપરાઉપરી દુષ્કાળના વર્ષો પણ પંચમહાલમાં આવતા તેથી રાહત કાર્યો શરુ કરાવવાના હોય, તેના પર પૈસાનો વ્યય ન થાય માટે નજર રાખવાની હોય વિ. એ આજુબાજુની આશ્રમશાળામાં મુલાકાત લેવાની હોય ત્યારે અમને બપોરે જમ્યા પછી તેમની જીપમાં સાથે લેતા અમને જુદા જુદા આશ્રમ જોવાનો અનુભવ થતો. તેમની કામગીરી પણ જાણવા મળતી અને સાથે સાથે તેમના વ્યકિતત્વના અનેક વિધ પાસાઓ પણ જાણવા મળતા. બળબળતી બપોરે અમે આનંદથી તેમની સાથે જવા તત્પર રહેતા. અમારી યાત્રા દરમ્યાન અમને ભીલોના જીવન વિશે પણ માહિતી આપતા આજુબાજુના પ્રદેશોનું ભૌગોલિક જ્ઞાન પણ આપતા કયારેક પૂ. મોટીબા પણ સાથે હોય. આમ લગભગ બાવીસ આશ્રમશાળાઓ ભીલ સેવા મંડળ ચલાવે છે તે જાતે જોઈ છે ને તેની કામગીરી નિહાળી છે ને પૂ. બાપુજીની અદ્ભૂત કાર્યશકિતના પણ દર્શન થયા છે. આજે પણ બધી સંસ્થા કાર્યરત છે. આવો બાળપણનો સુવર્ણકાળ તો જવલ્લેજ કોઈના જીવનમાં હશે.

દાહોદમાં ઘણા મહાનુભાવો મુલાકાતે આવતા જેવા કે પૂ. મોરારજી દેસાઈ , હિતેન્દ્ર દેસાઈ , મહેંદી નવાબગંજ , પૂ. કુલરેણુ ગુપ્તા, ઈન્દુમતી શેઠ, પૂ. ખંડુભાઈ , પૂ. ઠાકોરભાઈ દેસાઈ, પૂ. રવિશંકર મહારાજ , પૂ. મણીબેન (સરદારના દીકરી)પૂ. મામા સાહેબ ફડકે, કંઈ કેટલાય જયારે આમાંના કોઈનું આગમન થવાનું હોય ત્યારે અગાઉથી અમને તેની જાણ કરવામાં આવતી. જેથી તેમની વાતો સાંભળવા ને તેમની આગતા સ્વાગતા કરવા અમે હોંશે હોંશે જતા. એક માત્ર દુષ્કાળના વર્ષોમાં પૂ. ઈન્દિરાજી આવ્યા હતા ત્યારે કોઈ કારણસર હું જઈ શકી ન હતી. તેનો વસવસો આજે પણ છે. આમ જાણે -અજાણે અમારા જીવનનું ઘડતર એક અનોખી રીતે થતું ગયું.

એકવાર રાત્રે અમે સાગટાળા જતા હતા. સાગટાળાનો આજુબાજુનો પ્રદેશ ગાઢ જંગલોથી છવાયેલો ને વચ્ચેથી સાંકડો રસ્તો જાય. રાતનો સમય એટલે વાઘ, ચિત્તા ને દીપડાની મુલાકાત થવાનો સંભવ અમને મનમાં થોડો ડર પણ બહારથી ઉપરછલ્લી બહાદુરી બતાવવા જીપમાં બેઠા. બન્યું એવું જ રસ્તા વચ્ચે ચિત્તો બેઠો હતો , તે વખતે પૂ. બાપુજીએ નીડરતાથી ડ્રાઈવરને કહ્યું જીપને રોક, અમને બિલકુલ અવાજ ન કરવાની સૂચના આપી, પછી ડ્રાઈવરને જીપની હેડ-લાઈટ ચાલુ બંધ કરવાની સૂચના મળી, પાંચ જ મિનિટમાં ચિત્તો શાંતિથી ઊભો થઈ બાજુની ઝાડીમાં સરકી ગયો ને તે વખતે અમને બાપૂજીની અનોખી નીડરતાના દર્શન થયા .

પૂ. બાપૂજીએ તેમના જેલવાસ દરમ્યાન આકાશ દર્શનનો સારો એવો અભ્યાસ કરેલો. તેમનું જ્ઞાન પણ અમને રાત્રે જયારે અમે દાહોદના આશ્રમમાં જમી-પરીવારીને બેઠા હોઈએ ત્યારે આપતા. આજના જેવું પ્રદુષણ નહીં તેથી આકાશનો નજારો જોતા. જોતા દરેક તારા ને નક્ષત્રનું જ્ઞાન આપતા. આખા દિવસના થાક પછી પણ રાત્રે ઉત્સાહથી તારા-દર્શન કરાવતા. આપણે જે પૂછીએ તેનો જવાબ શાંતિથી આપતા ને કુતૂહલ શમાવતા.

આધ્યાત્મિક જ્ઞાન પણ ખૂબ સારું પૂ. મોટા અમારે ત્યાં અવાર - નવાર આવતા. પૂ. મંજુફોઈને તો દીકરી માનતા એટલે અમારે ઘરે પણ પધરામણી કરતા. પૂ. બાપુજી માટે પૂ. મોટાને ખૂબ માન. ને હંમેશા કહેતા કે ડાહ્યાભાઈ જેવો મૂક સેવક તો જવલ્લે જ પૃથ્વી પર પાછો અવતાર લેશે. ગીતા તો પૂ. બાપૂજીને આખી કંઠસ્થ હતી. " ગીતા રહસ્ય " તો તેમણે જીવનમાં પણ પચાવ્યું છે. એની જાણ મને ન ભૂલાય, ન જીરવાય એવા દુ:ખદ પ્રસંગે જ થઈ . મારો નાનાભાઈ મિનેષનું માત્ર ૧૯ વર્ષની વયે અકસ્માતમાં અવસાન થયું. મારા માતા-પિતા અને અમે બધા ભાઈ-બહેન તો ઘા જીરવવાની સ્થિતિમાં જ ન હતા. ત્યારે પણ અમને બધાને તેમની છત્રછાયામાં સમાવી લઈ જે ધૈર્યથી સંભાળ્યા. તે તો કોઈ સંત જેવા માનવી જ કરી શકે . તે વખતે પણ રોજ રાત્રે અઢાર દિવસ જાતે જ ગીતા વાંચતા. ને અમને સાંત્વવન આપતા એ ગીતા વાંચનનો ક્રમ એમણે જીવનપર્યંત સુધી પાળ્યો.પછી જીંદગીનો છેલ્લા ત્રણ - ચાર વર્ષો એમનાથી ન વંચાતી ત્યારે આશ્રમમાં રહેતા કાર્યકરો પાસે વંચાવતા. ચિ. મિનેષના આત્માની શાંતિ માટે જીવનપર્યંત તેમણે ગીતાનું વાંચન કર્યું. આ વાતની કદાચ કોઈને જ ખબર નથી. એકવાર મારી આગળ અજાણતામાં જ બોલી ગયેલા. પૌત્ર માટેનો કેવો નિ:સ્પૃહ પ્રેમ. અકસ્માતમાં મૃત્યુ પામેલા મારા ભાઈની વીમાની જે રકમ આવી હતી તે બધી જ તેમણે ગુજરાત વિદ્યાપીઠમાં દાન આપી દીધી હતી.

આખી જીંદગી પોતાની જરૂરિયાત સિવાયની વધારાની રકમ તેમણે કયારેય સ્વીકારી નથી. ભીલ સેવા મંડળને દાન આપી દેતા. આટલી ત્યાગવૃત્તિ આજે કેટલામાં છે ને ત્યારે પણ કેટલી વ્યકિતમાં હતી તે વિચારતા એ વિરાટ વ્યકિતને વારંવાર પ્રણામ કરવાનું કોને મન ન થાય ?

સેવાની ત્યાગમૂર્તિ સમા એવા મારા પૂ. બાપુજી આઝાદી પછી તેમણે કરેલી સેવા ધ્યાનમાં લેતા ઉચ્ચ હોદ્દો મળતો હતો પણ સર્વ ઉચ્ચ હોદ્દાઓનો ત્યાગ ભીલોની વચ્ચે તેમના સુખે સુખી ને દુ:ખે દુ:ખી જેવી ભાવનાથી જીવન વ્યતીત કર્યું. ને દરેક ક્ષેત્રમાં પોતાની સેવા અર્પણ કરી. આ સંદર્ભમાં એક પ્રસંગ યાદ આવે છે તે અત્રે ટાંકુ છું. પૂ.બાપુજીને દાહોદ જિલ્લામાં " આઈ કેમ્પ " યોજવાની ઈચ્છા હતી પણ તે માટે ઘણી મોટી રકમ ની વ્યવસ્થા કરવા પડે તે વખતે અરવિંદ મફતલાલ એમની વહારે થયા ને તેમની નાણાંની કોથળી ખુલ્લી મૂકી દીધી હતી. પૂ. બાપુજીએ તેનું સુપર આયોજન કર્યું હતું. એક મહિના સુધી ખડે પગે રહીને અસંખ્ય ગ્રામીણો ને લાભ અપાવ્યો હતો. મને યાદ છે ત્યાં સુધી એક મહિના સુધી ઘરે પણ આવ્યા ન હતા. તેમની વ્યવસ્થાની ચોમેર પ્રશંશા થઈ હતી અમે પણ ખાસ જોવા ગયા હતા. આમ દરેક ક્ષેત્રમાં સેવા આપનાર દાદાને સાથ આપનારા મારા પૂ. દાદી.

દરેક સફળ પુરુષની પાછળ સ્ત્રીનું યોગદાન હોય છે. મારા મોટીબાએ જીવનભર દરેક પરિસ્થિતિમાં તેમનો સાથ નિભાવ્યો હતો. સેવાની ધૂણી ધખાવી બેઠેલા મારા દાદાનો સાથ તો એવો નિભાવ્યો કે પરણ્યા પછી કોઈવાર પિયરમાં **(પાછળ)**

પગ મૂકયો નથી ત્યાગ અને સેવામૂર્તિમાં તો મારા દાદાને પણ પાછળ પાડી દે. પિયરની મિલકતમાંથી પણ ભાગ જતો કર્યો હતો. પિંજરતના મોટા જમીનદારની દીકરી પણ જીવન આખું સાદગીમાં વિતાવ્યું અમારા ત્રણે ભાઈબહેનના ઉછેરમાં તેમનો ફાળો નાનોસૂનો નથી. મારા પૂ. બાપુજીને પૂ. મોટીબા પૂ. કસ્તુરબાને પૂ.બાપુ જેવું જ જીવન જીવ્યા ને અમારામાં પણ તેવા જ સંસ્કારનું સિંચન કર્યું.

મારા પૂ. મોટીબા વિશે તો લખવા બેસું તો એક નાનકડી પુસ્તિકા જેટલા સંસ્મરણો ને તેમના વ્યકિતત્વ વિશે લખાય પણ અહીં જ અટકું.

અને છેલ્લે શિર્ષકના સંદર્ભમાં એક પ્રસંગ રજૂ કરું છું. હું પૂ. દાદાજીની અત્યંત લાડકી અને મને લાડમાં સોનબાઈ જ કહેતા. એકવાર મેં પૂછયું બાપુજી હું જ તમને કેમ આટલી લાડકી ત્યારે તેમણે જે પ્રસંગ કહ્યો તેમાં તેમની પિતૃવત્સલતાની સાથે સાથે દેશભકિતના દર્શન થાય છે. મારા સૌથી નાના ફોઈ હતા સુધા ફોઈની લગભગ દોઢ, બે વર્ષની ઉંમર હતી તે વખતે શીતળા રોગનું ખૂબ પ્રભુત્વ હતું. શીતળા થનાર ભાગ્યે જ કોઈ બચી શકતું. મારા ફોઈ ને મારા પૂ. દાદાના મોટાભાઈ એક સાથે જ શીતળાની અસાધ્ય બીમારીની ઝપટમાં આવી ગયા. જો પૂ. બાપુજીના મોટાભાઈ મૃત્યુ પામે તો કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શિરે આવે અને તેમણે જે આઝાદીની ચળવળમાં સક્રીય કામગીરી ઉપાડી હતી. તેમાં વિઘ્ન આવે. દેશદાઝથી ભરેલું તેમનું હૃદય માભોમને માટે કંઈક કરી છૂટવા તત્પર હતું ત્યાં આ વિઘ્ન આવ્યું. ભગવાને તેમની કેવી કપરી કસોટી કરી પણ છેવટે તેમણે કર્તવ્યનિષ્ઠાને પ્રાધાન્ય આપ્યું ને ભગવાનને પ્રાર્થના કરી કે મારી દીકરીનો ભોગ લે પણ મારા પૂ. મોટાભાઈને જીવનદાન આપ. જાણે ચમત્કાર થયો ફૂલ જેવી કુમળી દીકરીનું મૃત્યુ દેશકાજે હસતાં હસતાં સ્વીકાર્યું, ને મોટાભાઈને જીવનદાન મળ્યું, મારી મૃત્યુ પામેલી સુધા જ તું પાછી મને પૌત્રી સ્વરૂપે મળેવી છે. દેખાવમાં પણ તું સુધા જેવી જ છે તેથી તારા માટે અનન્યભાવ છે. આ સાંભળતા જ મારી આંખમાંથી ચોધાર આંસુ નીકળવા લાગ્યા ને બાપુજીને વહાલથી ભેટી પડી. તેમના ખોળામાં તો માથું મૂકીને કેટલી મોટી થઈ ત્યાં સુધી સૂતી જતી.

જીંદગી આખી કઠોર પરિશ્રમમાં વિતાવી પણ હૃદય તો ખૂબ જ લાગણી ભીનું ઋજુ હતું. મારા લગ્ન પછી કન્યા વિદાયનો વખત થયો. વિદાય વખતે હું બાપુજીને શોધું કે બાપુજી કયાં ? પછી પૂ. બાફૂઈએ કહ્યું કે બાપુજી પત્થર હૃદયનાને પણ પીગળાવે તેવો પ્રસંગ તો પૂ. બાપુજી તો ઋજુ હૃદયના તો તે કેવી રીતે જીરવી શકે !! તે તને વિદાય થતી જોઈ શકવાને અસમર્થ હતા તેથી ઘરે જતા રહ્યા. જાણે વહાલસોયી પૌત્રી ને સદાય પાસે રાખવા માગતા હતા પણ સામાજિક નિયમાનુસાર તે શકય જ ન હતું. ઘરે જઈ ગુપચુપ આંસુ સારી બેસી રહ્યાને મનોબળને મક્કમ બનાવી ઢીલું પડવા ન દીધું.

આવા તો અનેક પ્રસંગોએ મને પૂ. બાપુજીને પૂ. મોટીબાની નજીક આણી છે. હજી તો ઘણું લખવાનું બાકી છે. પણ લખાણની મર્યાદા તો માટે સ્વીકારવી જ રહી. હું કાયમ એમને કહેતી મારા મમ્મી, પપ્પા મૃત્યુ પામશે તો આઘાત હું સહન કરી લઈશ પણ તમારા બંનેનું મૃત્યુ તો સ્વપ્નમાં પણ વિચારી ન શકું કે જીરવી ન શકું. પણ કોઈ અજય-અમર તો છે નહીં સ્વીકાર્યે જ છૂટકો !

આ કોઈ લેખ નથી આ તો હૃદયને નીચવીને લખેલું આંસુની શાહીથી લખાયેલું ને સ્નેહ નીતરતી લાગણીને શબ્દો દ્વારા વ્યકત કરવાનો નમ્ર પ્રયાસ છે.

મારા વહાલસોયા પૂ. બાપુજીને પૂ.મોટીબાને શત્ શત્ કોટિ કોટિ વંદન સાથે વિરમું છું.

**અને અંતે** મારા વહાલસોયા પૂ. બાપુજીને ગુમાવ્યાનો દિવસ એટલે મે મહિના ની ૨૯ તારીખ ને સાલ ૧૯૯૪.

લગભગ બપોરે એક વાગે મારા પૂ. મમ્મીનો ફોન આવ્યો સ્વાતિ બાપુજી છેલ્લી ઘડી ગણી રહ્યા છે અમે અતુલભાઈની (અમારા સંબંધીની) ગાડીમાં નીકળીએ છે એ સાંભળતા જ મેં કહ્યું હું પણ સાથે આવું છું. ઘરમાં મહેમાન હતા (મારા મામાસસરા,મામીસાસુ) છતાં પણ એક ક્ષણનો વિચાર કર્યા વિના તેમના અંતિમ દર્શન માટે નીકળી પડી . જાણે અમારા આવવાના જ રાહ જોતા હોય અને પહોંચ્યા ને પૂ. બાપુજીના કાનમાં કહ્યું, બાપુજી હું આવી ગઈ છું. સાંભળતા જ એમણે દેહ છોડયો. થોડા વખતથી તેમની તબિયત નાદુરસ્ત રહેતી હતી. મારા પૂ. કાકા ને પૂ. કાકી તેમની પાસે રહેતા કારણકે તેમને તેમની કર્મભૂમિમાં જ દેહ ત્યાગ કરવો હતો. તેમના અવસાનના સમાચાર વાયુવેગે પ્રસરી ગયા.આજુબાજુના ગામડાંમાંથી ઘણાં લોકો આવવા લાગ્યા. સાંજે લગભગ સાડા પાંચે દેહત્યાગ કર્યોને બીજે દિવસે સવારે સાડા આઠે ભવ્ય સ્મશાન યાત્રા નીકળી. હું ને મારા ભાભી પણ સ્મશાનયાત્રામાં સામેલ થયા. ચાલીને ભજન ગાતાં ગાતાં અમે દૂધમતી કિનારે આવેલા સ્મશાનગૃહમાં પહોંચ્યા તેમની વિડિયો ફિલ્મ પણ ઉતારી તેમાં મારા અવાજે ભજન પણ ટેપ કરેલા છે તે આજે પણ મારી પાસે છે . દાહોદ એટલે દધિચી મૂનિની તપોભૂમિને એ ભૂમિને કર્મભૂમિ બનાવી બેઠેલા મારા દધિચી મૂનિ જેવા પૂ. બાપુજીને પવિત્ર દૂધમતિ કિનારાની માટીમાં ભેળવી ભારે હૈયે અમે પરત થયા. કર્મભૂમિમાં જ દેહ છોડવા એવા નિશ્ચય સાથે બાપુજી જીવ્યા ને એમની ઈચ્છા પૂરિપૂર્ણ થઈ.

પૂ. બાપુજી મરણોતર ક્રિયામાં માનતા ન હતા પણ સર્વેની એ આશ્રમવાસીઓની ઈચ્છા હતી એટલે બધી ધાર્મિક વિધિ કરી. પૂ. બાપુજીની ધાર્મિક વિધિ પૂરી થઈ એટલે ઘરની મોટા ભાગની વસ્તુનું આશ્રમમાં દાન આપ્યું. મારા પૂ. મોટા ફોઈએ કહ્યું સ્વાતિ પૂ. બાપુજીની યાદગીરી તરીકે તારે જે તારી પાસે રાખવું હોય તે રાખ. મેં શું પસંદ કર્યું જાણો છો, તેમની વિકદાની,ફૂલદાની ને રામલક્ષ્મણ સીતાનો ફોટો, દીવીને ગીતાનો ગ્રંથ જે તે રોજ વાંચતા હતા. તેમની અંગત ચીજ જ મારે મન મહામૂલો વારસો હતો. ફૂલદાની ને ભગવાનના ફોટા સાથે તો મારે લાગણીનો સંબંધ હું કાયમ મોટીબાને કહેતી તમે જયારે નહીં હોય ત્યારે આ હું લઈ જઈશ કારણકે દાહોદમાં પૂ. બાપુજીના ઓરડામાં મારા પૂ. મોટીબાએ ૫૦ વર્ષ સુધી રામ-લક્ષ્મણ-સીતાના ફોટા નીચે આવેલા ટેબલ પર ફુલદાની ગોઠવતા તેમના જીવનના અંતિમ દિવસ સુધી તે નિયમ પાળ્યો.

➔


પૂ. મોટીબાના મૃત્યુના સમાચાર મળતા અમે જયારે (મારા કાકાને ભાભી) દાહોદ પહોંચ્યા ત્યારે પણ યથાસ્થાને દરેક વસ્તુ ને ફૂલદાની પણ ગોઠવેલી તે આજે પણ ભૂલી નથી. આજે પણ તે ફોટો મારા દેવસ્થાનમાં છે.ફૂલદાની રોજ ગોઠવવાનો નિયમ તો પાળી શકી નથી પણ સમય મળ્યે અચૂક ફુલદાની સજાવું છું

આજે અમારા કુટુંબના દરેક સભ્ય પૂ. બાપુજીના આર્શીવાદે ખૂબ સુખી છે ને તેમણે ચીંધેલા રાહે ચાલવાનો પ્રયાસ જરૂર કરીએ છીએ. તેમણે આપેલા સંસ્કારોના મહામૂલા વારસાને જતનપૂર્વક જાળવવા પ્રયત્ન કરીએ છીએ મારા પૂ. મોટાભાઈ શૈલેષે તેમની કાર્યશીલતાની જયોત આજે પણ પ્રજવનિત રાખી છે. ભાઈશ્રી શૈલેષે પણ "પદમશ્રી"નો ખિતાબ ગયા વર્ષે ૨૦૨૪ની ૨૬મી જાન્યુઆરી એ મેળવેલ છે. આજે પણ થાકયા વગર પૂજય બાપુજી જેમ જ કર્તવ્યનિષ્ઠાને પગલે ચાલી રહ્યો છે. અમારા પૂ. બાપુજી માટે અમને સૌને ખૂબ ગૌરવ અને માન છે.

જીંદગી તો એવી જીવી ગયા બાપુ કે ,
સાર્થક કર્યું જીવતર તમારું
અસંખ્યોના તારણહાર બન્યા,
ને પથદર્શક અમારા બની રહ્યા !!
ધન્ય છે પૂ. બાપુજી ! તમને
અમારા કોટિ કોટિ વંદન.


**સ્વાતિ દેસાઈ (મૈત્રી)**

## કાવ્ય
## " પરીક્ષા ખંડ "






હતો છેલ્લો દિવસ શાળાનો,
ને પ્રશ્નપત્ર હતું ગુજરાતીનું.
પૂરું થતાં જ વેકેશનના
સોનેરી શમણાં રમતાં,
પરીક્ષાર્થીઓની આંખમાં.
સહેલો વિષય ને ગાંભીર્ય
તો છેલ્લા પેપરે સૌએ
ગુમાવી જ દીધું હતું.
સમય પહેલાં લખેલા
બાળકોએ રમતની મોજ
માંડી,કોઈએ પેપરની
હોડી બનાવી તો કોઈએ
પાટલી પર તબલાંની
સંગત માંડી.
શિક્ષકની નજર ચૂકવી
કોપીમાંથી ચોરી કરવાનું
સાહસ પણ કેટલાંક
કરી રહ્યા ને ધીમે અવાજે
ગુસપુસ શરૂ થઈ
છેલ્લો જવાબ કાપલીમાંથી
લખવાનું તો કોઈ કેમ ચૂકે
કાયમનું અળવીતરાપણું.
કરતા એરોપ્લેન બનાવી
ફેંકતા અહીંતહીં
માહોલ તો ગમ્મત ભર્યો
ને શિક્ષક આંખ આડા
કાન કરતા નજરે ચડયા.
બોલે તો શું બોલે !
આ તો વંહેલ ઠર્યા.!!!
**સ્વાતિ દેસાઈ (મૈત્રી)**

Kiran Desai (Director)
M. : 85111 49788

SIGMA INSTRUMENTS PVT. LTD.

FOR ANALYTICAL & SCIENTIFIC INSTRUMENTS

Works : 78/2/3, GIDC ESTATE, MAKARPURA, B/H. VCCI COMPLEX, ON VADAR MAIN ROAD, VADODARA - 390 010. GUJARAT (INDIA)

PHONE : 0265-263 4560 / 263 5175, TELEFAX : 2634560
EMAIL : sigmaipl78@gmail.com / info@sigmaipl.com
Website : www.sigmaipl.com

OUR OWN MANUFACTURED PRODUCTS :

1. Wide Range of Chromatographs.
2. Integrators and Data Stations for GC and HPLC
3. Catalysis Testing Instruments.
4. Split-Open Heaters & Heating Systems.
5. Custom-Built Instruments & Analysers.
6. Online Gas Chromatograph.

Kiran C. Desai (Partner) M: 85111 49788

Accuracy + Precession = Quality
bas

Baroda Analytical Services

78/2/3 GIDC Makarpura, B/h VCCI Complex, Vadsar Main Road, Vadodara-390010.
Ph.:0265-2646622 E-mail : info@barodaanalytical.com Web : barodaanalytical.com

- Analysis of Pharmaceutical API's & formulations, Chemicals, oil, coals & agro products.
- Microbiological environmental monitoring.
- Environmental consultancy.
- Consultancy for analytical lab & establishment & training for W.H.O, GMP-GLP.

ADVT.

P&K Education
Power of Knowledge

# ગ્રુપ / પર્સનલ ટયુશન કલાસીસ

: કોન્ટેક્ટ નંબર :
9998984604
7984683504

ઈંગ્લીશ / ગુજરાતી મિડીયમ ( જીબીએસસી / સીબીએસબી )

" ભણતર એટલે માહિતીના ઢગલો કરવો નહિ પરંતુ મગજને વિચારવા માટે વિકસાવવુ" - આબર્ટ આઈન્સ્ટાઈન

**અમારી યોગ્યતા**

- ખૂબજ અનુભવી અને તાલીમબધ્ધ શિક્ષકો
- દરેક વિષયનાં પાયા સુધીનું સચોટ શિક્ષણ
- દરેક વિધાર્થી પર વ્યકિતગત ધ્યાન અને માર્ગદર્શન રાખીને ઉંડાણપૂર્વક શિક્ષણ
- નિયમિત પરીક્ષાલક્ષી ટેષ્ટ અને વાલી સંપર્ક
- અમારું ધ્યેય - બાળકોને ભણતર બાબતે પ્રેરિત કરવા

એડ્રેસ : સી-૮, હાથીભાઇનગર, દિવાળીપુરા, બરોડા.

" આપણા અનાવિલ બાળકોને ફીમાં કંશેશન આપવામાં આવશે "

P&K Education
Power of Knowledge

# Group / Personal Tution Classes

Parul Mehta
: Contract No. :
9998984604
7984683504

Eng Midium / Guj. Medium ( CBSE / GBSC ) Std 5 to 10

Albert Einstein " Education is not about learning the facts its rather training of mind to think "

**Our Vision :**

- Highly experienced & Qualified Teachers
- Fundamental root based teaching for each subject
- Detailed teaching & individual guidance to each subject
- Chapter wise test & Parent Conversation.
- Our moto is to develop passion for learning

Address : C-8, Hathibhai Nagar, Diwalipura, Baroda.





# SAI PREET INVESTMENT

## All types of Insurance

### Life Insurance

- Child Future Planning
- Risk Cover
- Retirement Planning
- TAX Planning

LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA

NEW INDIA ASSURANCE न्यू इंडिया एश्योरन्स

HDFC DEPOSITS

care HEALTH INSURANCE Health ki Guarantee

### General Insurance

**Two Wheeler, Private Car & Commercial vehicle Insurance**

- New India
- HDFC Ergo
- GO Digit
- Bharti Axa
- Reliance
- ICICI lombard etc.

**Health Insurance**

- ICICI lombard
- New India
- Reliance
- HDFC Ergo
- Max Bupa
- Care Health
- Manipal cigna
- Royal Sundram etc.

**Mutual funds ( SIP , lumsum ) • Company Deposits**

Contact on:-

• Jatin Desai

+91 9879560268
jatind67@gmail.com


# SEMINAR OF GPSC & UPSC AWARENESS, EXAM PREPARATION & GUIDANCE PROGRAM





# Royal caterers & SHIV SAI FARASKHANA





1, Nageshwar Society, Nr. Nageshwar Temple, Opp. Vrundavan Township, Harni Road, Vadodara.

14, Milan Society, Race Course Circle, Alkapuri, Vadodara.




# GRAND ROYAL LAWNS

- Lawn area 22000 Sq ft
- Beautiful Landscaping
- 2 Rooms
- Banquet Facility for 100 People

-: CONTACT :-

PARIN MAHESHBHAI DESAI

9824251697 , 9824013286

PRAMUKH DARSHAN SOCIETY, WUDA CHAR RASTA, GOTRI ROAD, VADODARA

*We are Associated*

18, Arunoday Bhavan, Alakapuri, vadodara

Email:- Parkin 2009 sai @ yahoo.com

પ્રતિશ્રી,

**PUBLISHES BY Deepakbhai Desai (ONGC)** (Editor) (M) 9428519066 , On Behalf of Shree Anavil Pragati Mandal, Shree Mahadev Desai Anavil Bhavan, Atmaram Road, Karelibaug, Vadodara-390018.**GRAPHICS & DESIGN BY Aksha Desai, PRINTED BY** Pankaj Rathod & **PRINTED AT :** Shree Siddhi Printers & Stationers , 42-B, Satkar Society, Near Jyoti Park, Karelibaug, Vadodara-390018. (M) 9825024280 .